ફેશનની ફીશીયારી

અથવા

રીતની ભીખના વેપારી.

પારસી સંસારી વાર્તા.

દોહરો.

સસગને ઘર જે વસે, સ્વર્ગ સમું લહે સૂખ;
છ દીન સૂધી સો મળે, પછી થાય હડધૂત.
દુધ, ઘી, સાકર આપશે, એક માસ તો રોજ;
પછી રહે સસરા ઘરે, હોય ગધેડા તોજ.

છપાવી પ્રસીદ્ધ કરનાર

નવરોજી ફરદુનજી દાવર,

ચોપડીઓ વેચનાર તથા પ્રસિદ્ધ કરનાર,

કાલબાદેવી રોડ, મુંબઈ

કિંમત ચાર આના.

ફેશનની ફીશીયારી

અથવા

રીતની ભીખના વેપારી.

પારસી સંસારી વાર્તા.

દોહરો.

સસરાને ઘર જે વસે, સ્વર્ગ સમું લહે સૂખ;
છ દીન સુધી સૌ મળે, પછી થાય હડધૂત.
દુધ, ઘી, સાકર આપશે, એક માસ તો રોજ;
પછી રહે સસરા ઘરે, હોય ગધેડા તોજ.

છપાવી પ્રસીદ્ધ કરનાર

નવરોજી ફરદુનજી દાવર,

ચોપડીઓ વેચનાર તથા પ્રસિદ્ધ કરનાર,

કાલબાદેવી રોડ, મુંબઈ.

મુંબઈ,

જ્હા. રૂ. રાણીનાના યુનિયન પ્રેસમાં છાપીછે.

સને ૧૮૯૫ ઈસવી.

ફેશનની ફીશીયારી

અથવા

રીતની ભીખના વેપારી.

પ્રકરણ ૧ લું.

પુનાનો માલબાર ગેહેલ.

"અલો! સ્યાવક્ષ? તમે તો એકલપેટા થઈનેજ તમારા ગુ-લબાગમાં હવા ખાસો કે? મરે રે, ગફુંજે કાંહાં ગીયા! કેમ? માહરા આવવાથી તમારા હવામાં ઉડતા વિચારોને ખલલ તો પહોંચસે નહીં કેની?" શીરીન હસતી હસતી બગીચામાં આવીને બોલી.

નથીંગ પરટીકયુલર, કમ ઈન, કમ ઈન, શેરાં! ત્હારા આવવાથી ખલલ પહોંચશે ત્યાર પછી આપણો ચાલુનો સહવાસ—" સ્યાવક્ષ ટકોર કરતો બોલીને અટકી પડયો.

"બોલો, બોલો, તમે મશ્કરી નહીં કરશો તો શું તમારાં છો-કરાં મશ્કરી કરવાનાં હતાં? હા બા, આજે તમે શેઠીયા! કાંય ઉ-ડાવો નહીં! ગરીબ માણસને સહુ કોઈ કહે." શીરીન તેની પાસે ઉભી રહીનેજ ધીમે સાદે બોલી.

"એમ, વામાટામા કરતી શાની બોલેછ! બેસની! કેમ, તારાં માતાજી કાંહાંછે?"

"છે, જરા હમણાંજ સુતેલાં છે, અને તેથીજ મકુન્ને ચાલ જરા રમુજમાં બે ગુફતેગો કરી આવું." શીરીન, શ્યાવક્ષના બાંક પર બેસીને બોલી.

"તારાં માયનો વિચાર આપણા લગન વીસે શું છે, વારૂ શીરીન!"

"વરી શું? માયજી તો ખુસી છે, પણ બાવાજી ના પાડેછ તે! બરીજી, મને તો એમ થાયચ કે આપણાં લોક તદન અંગ્રેજોની માફક સ્વતંત્ર હોતે તો કેવું સારૂં? આ તો જરા કોઈની સાથે લગાર વાત કરીએચ તોબી મુવા નિંદાખોર લોક ટીકી ટીકીને જોયછ કે જાણે તેના બાપ બપાવાનું તેમાંબી કંઈ નખોદ જતું હોય. પણ હું! શ્યાવક્ષ! હું કંઈ પુછવા માગુંચ તેનો ખોલાસો મળશે?" શીરીન, તેને પસવારીને પુછવા લાગી.

"ખુશીથી, પુછ? બોલ! શું ખોલાસો જોઈએચ" શ્યાવક્ષ હરખાઈને બોલ્યો.

"હું પુછું કે તમારી બધી મલીને મીલકત કેટલી?"

"કાંય? તે પુછવાનો કંઈ સબબ?"

"સબબ એટલો કે કદી આપણે નેકાના એક પવિત્ર ગાંઠથી જોડાઈએ તો પછી મહેનત કરવા તો જવું પડે નહીં કેની? તેમ હોય તો મને નહીં ગમસે. હું તમારાથી છુટી પડવા નથી માંગતી. અરેરે, હજુ આપણે કુમારાં છઈએ તેટલાંજ એમ થાયચ, તો પરણ્યા પછી શું થસે?"

"શું તું એમ સમજેચ, શીરાં કે એક પરણેતર જોડાંનો પ્યાર પૈસાથીજ સદા સુધીનો જળવાઈ રહેચ! શું પૈસાને પરણેલાં કોઈપણ માણસ સદાનાં સુખી સમજેચ! એક ખરા દીલનો ખુશીથી સંબધી લીધેલો પ્યાર સત્તાણાના સુનાં મીસાલ સમજવો, કેમકે એ સોનાને

ભઠીમાં નાખો કે હથોડા વતી ભાંજો પણ જે સત્તાવીસનું સોનું તે સોનુંજ સમજવું. પૈસાનો પ્યાર પતંગીયા માફક સમજવો. તેનો ચળકાટ પૈસા સુધીજ સમજવો. પણ ખરા અંતઃકરણનો પ્યાર સુળીને લાકડે ચડતી વખતે પણ તાજો, પવિત્ર અને સુખી કરનારો રહેછે. હવે હું કદી ખરા અંતઃકરણથી જાણવાજ માગેચ તો જણાવુંચ કે——

"ના, તમારૂં દીલ દુઃખાવીને તો નહીંજ, મ્હારી કહેવાની મકસદ એજ કે રખે આપણા સુખવાસી ઘર પર દુઃખનો ગલબો આવી પડે. કહેવાને હરકત હોય તો——." શીરીન વચ્ચે બોલી અને વલી અટકી પડી.

"ના, ડીયર, તારાથી છુપું કેમ રાખી શકું! સાંભલ, સ્યાવક્ષે ઉતાવળથી કહ્યું. "મ્હારી મીલકત લગભગ બે લાખનીછે. તેમાં અરધો લાખ ચીથરાંમાં રોકાયાચ અને બીજી દોઢ લાખનીમાં આ માતબર મેહેલ છે."

"કદી અંગ્રેજી રાજ્યને જોખમ લાગ્યું તો? કાબુલનો અમીર મરવા પડેલો છે અને રશીયન તેનો લાભ લેવા તલપી રહેલો છે એ તમે અવાર નવાર ન્યુસ પેપરોમાં વાંચોચ કેની? વરી જાપાન અને ચીનનું તો સળગેલુંજ છે તે!"

"તું ભુલેચ શીરાં? રશીયનના પાટવીના વિચારો જણાયા કેની! હવે એમ બનવું હાલ તુરત મુશ્કેલ છે."

"પણ તેમાં તે બાપડાનું શું ચાલે? તેના કરતા કારવતા પક્કા છે તે!"

"ના, બા, ના. ઈંગ્લંડ સાથે હાલતો કંઈ સારૂં છે. કાબુલનો અમીર સાજો થતો જાયચ અને અંગ્રેજો પોતાના કામમાં ખબરદારી વાપરતા જાયછ."

"વારૂ ત્યારે હું પુછું કે આ મીલકતમાં તમારા મોહોટા ભાઈ એદલજીનો ભાગ કાંય કાઢી નાંખ્યો? તમારા બાવાજીના વીલમાં તમારા અને તેને માટે શું લખેલું છે? તમારો ભાઈ ઉમર લાયક હતો તોબી મ્હારા બાવાજીને તરસાટી કાંય કીધા?"

"મ્હારો ભાઈ એદલ, બાવાજી સાથે લડીને લગનને થોડાજ દીવસ અગાઉ જુદો થઈ સસરાને ત્યાં ચાલી ગીયો.

"તેમ તમે તો સસરાને માને પડો તેવા નથી કેની?" શીરીને હસીને ટકોર કર્યો.

"સસરાને તો નહીં, પણ આ સાસરાની બેટી શીરાંને કપાલે તો ચોંટવાનોજ." શ્યાવક્ષે, શીરીનના ગાલપર આંગલી લગાડીને હસતાં હસતાં કહ્યું. "પણ, સાંભલ! બાવાજીએ પોતાના વીલમાં એક હસવા જેવું લખેલું છે કે, આ માતબર મેહેલ મને ઉમરે પુગું કે મળે, અને નાણું લગન પછી મળે તેનું શું કારણ હોશે! ભાડું, અને વ્યાજમાંથી ખર્ચ નીકલે, અને તેમાંથી બચે તેમાં પાંચ હજાર ઉમેરીને લગનનો ખરચ કરવા આપે. શું યાર, બુઢ્ઢા માણસ ખરેખર અકલના ઓથરી હોસે?"

"ના. તેમના મનનો વીચાર એ કે બંગલો કંઈ ઉડાવી દેવાયચ! રોકડ નાણું લગન પછી આપે તો "પારકી દીકરી કાન વીંધે" તેથી ઉડાવી શકાય નહીં. ખરચાં કરચાં પર નજરે દોડે પછી?

"ને તે કાન તુંજ વીંધસે, નહી શીરાં? તું તો નાહનપણથીજ મારા કાન વીંધતી આવેલી છે. હું જ્યારે તારા બાવાને તહાં રહીને મુંબઈની એલફીન્સટન કોલેજમાં અભ્યાસ કરતો હતો ત્યારથીજ તું મને ચાહે છે. નહીં, શીરાં?"

"હા, ડીયર, પણ ખુદા તે મતલબ પાર પાડે ત્યારે કેની!

પાર, પણ તમારા ભાઇને શું!" શીરીને વધુ ખુલાસો માગ્યો.

"ફક્ત પાંચ હજાર રૂપીયા અને તે પણ મ્હારાં લગન થયા પછી જો મારી સાથે બરાબર ચાલે તો."

"હાલ કેમ ચાલેછ? તમારી ભાભી તો લગાર ટચાક છે, નહીં સ્યાવક્ષ!"

"હા. અને તેની દેરાની થનાર કાંહાં ટચાક નથી, શીરાં!" સ્યાવક્ષે શીરીનની મશ્કરી કરી અને નીચું માથું કરી હસવા લાગ્યો.

"ચણા એતમે ને બચ્ચાં પેટમે. બાવાજી તો વીજોરૂં લેચ ને કેહેચ કે તેમ કરવાથી લોકો હસે કાંયજે તરસટી થઇને છોકરી આપે તે પૈસા ખાઇ જવા!"

"વરી તરસટીઓ ધંધોજ શું કરેછ? કોઇકજ એવા ભાયગશાલી હોશે કે જેની મીલકત તરસટીના હાથમાંથી સહી સલામત મલી હોશે."

ત્યારે શું મ્હારા બાપને તમે એવા ધારોછ કે?" શીરીને લગાર ગુસ્સામાં પુછયું.

"ના રે, બા, સો ટચનું સોનું. હું કાંહ કેઉંચ જે, શીરાં ગુસ્સે ના થા. હું તો સેહજ કેઉંછ તેમાં શાંનું ડરામનું મોનું કરી જોયચ."

"મહારા બાવાજીનેજ શું કમતી છે જે તમારૂં નાણું ખાય!

"ખરૂં છે. કોઇનું તો નહીં ખાય, પણ પોતાનુંબી નહીં ખાય કે? તું કેહેચ કેની કે બાવાજી કંજુસ ને મખ્ખી ચુસ છે તે?"

"હા. પણ તેથી શું?"

"તેથી શું? રીતમાં પણ તને કંઇ ચાંદલો કરશે! તે જોજે."

"તે તમે રીતની ભીખ પસંદ કરોછ જે તેની વાત?"

"કાંય નહીં? આપતા પૈસા કોણને ન ગમે. વરી આજકાલ પારસીઓનો બીજો ધંધોજ શું છે જે? તારા બાપની તું એકજ દીકરી છે, ને આપણેજ તેની મીલકતનાં ભવિષ્યનાં વારસ થઇશું.

"પણ મોહોકાણ એજ છે કે તેવણને તમારી સુધરેલી રીત પસંદ નથી, ને તેથી મને તમારી સાથે પરણાવવાના નથી એટલે ભવિષ્યનાં વારસ થવાના નથી."

"એમ છે કે, હા, હા, હા. "કુમલા કાકા" એ તારા બાપનું નામ હું કેણીછ કે હીંદુસ્તાનમાં તો શું પણ ઈંગ્લંડ, અમેરિકામાંબી કોઈ પારસીઓ હોશે તો તાંહાંબી પ્રખ્યાત હોશે. ને તે વરી કેવું! સુધારાપર કુધારાની ચડાઇ કરનારા કંજુસના કાકા અને દલ્લાના મોતેબર! તેની બેટી શીરીન તે વરી મારા જેવા લાખ બે લાખની મીલકતના ધણીને પરણે! તેને માટે તો કોઇ બેરીસ્ટર જોઇશે" સ્યાવક્ષ હસીને તેણીને ઉડાવવા લાગો.

"ને તમે કાં બેરીસ્ટર થવાના નથી. બી. એ. માં તો જવાના છેઓ. પછી વકીલ, સોલીસીટર ને બેરીસ્ટર. પણ સ્યાવક્ષ! પરણ્યા પછી તમે અભ્યાસ કરશો કે?"

"ના, બા. મોજ મજા છોડીને અભ્યાસ કોણ કરે? ડલ્લા છે તેમાંથી ચાલસે. વરી તારા બાપનું નાણું છે. પછી શું તારા બાવાજી નહીં માને?"

"માને તો એટલા માટે કે આ માતબર મેહેલ તેવણને ઘણો ગમેછ ને તેના ધણી દાખલ તમને માન આપવાને તેવણ મગરૂરી ધરાવેછ, કેમકે આજ સુધી તેવણનાજ હાથ તળે રહેલો હોવાથી પુનામાં સોહેલગાહે ઉતરનારા રાજવંસીઓની પીછાણ આએજ મેહેલથી થએલી છે તેથી જો તમુને સદાના કબજામાં રાખે, તો આ મેહેલની વ્યવસ્થા પોતાના હાથમાં રાખીને આપણાં લગન કરી આપવા વિચાર કરે બરા!"

"વાઈ મુળમાં મીઠુજ પડયું નથી તાંહાં બીજી શું વાત! પણ

હવે તું તારાં માયને કંઈ સમજાવ. તારા બાવાજી ઠક ઠક કરે તો ફકર નહીં. તારાં માયજી જે કરશે તે થશે."

"ને હમે તેજ માટે અહીં પુનામાં આવેલાં છઇએ. માતબર મેહેલ જોવાને બહાને હું તેડી લાવીછ, એવી મકસદથી કે અહીં આ મેહેલની રચનામાં ભોળવઈને માંયજી આપણું કામ કરી દેય. પણ ચાલ ડીયર રાતં ઘણી ગઈ લાગેચ. કેટલા વાગા? દસ!" શીરીને ઘડીયાલ જોઈ ચમકી ઉઠીને શ્યાવક્ષને કહ્યું. "બાવાજી દસની ટ્રેનમાં મુંબઇથી આવવાના છે. સાથે કોઈ રજવાડાનો દીવાન છે. ખરેખર તમે ભાયગશાલી તો ખરા, કે આ પુનાના માતબર મેહેલના તમે એકલા માલેક છેઓ" શીરીન ઉઠતાં ઉઠતાં બોલી.

"ને તું પણ ભાયગશાલી તો ખરી કે એ માતબર મેહેલના ધણીની ધણીયાણી થવાની અણી ઉપર આવેલી છે" શ્યાવક્ષે શીરીનને શેકહેન્ડ કરતાં કહ્યું.

"કુકતી! કાંહા મરી ગઈ?" કુમલી કાકીએ બુમ મારી.

"માંયરે! શ્યાવક્ષ? ચાલ બા, હું જાઉંચ, બાવાજી આવેલા હોસે." શીરીન દોડતી બોલી "આવી માયજી, આવી!" શીરીન એકદમ અંદર ચાલી ગઈ. શ્યાવક્ષ મન સાથે વિચાર કરવા લાગો. "શીરીન જેવી ચેહેરે નમુન બોલીદરાજ ને હસમુખી નારના ધણી જ્યારે હું માન પામસ ત્યારે મારા દિવસ કેવા પાધરા ચાલસે? પણ તેને મોહરદાર કરવા હાલતો જેટલી ફોસીયારી કરી શકાય તેટલી બતાવીને તેની માયને લલચાવવી. કુમલા કાકા બરા બદમાશ છે તેથી તે તો માનસે નહીં પણ એવનને ઠેકાને લાવવા માટે કંઇ પ્રપંચ કરવો જોઇએ યાર! બધું રોકડ નાણું આવે તો ઠીક. થોડું દેવું બી થઈ ગીયું, હાથબી ભીડમાં છે, ખરચાલ છુવે તો પૈસો હાથમાં રહેતો

બી નથી ને વરી સાથે લાગા પરતંત્ર. કુમલા કાકા હીસાબ માગે. જો કંઈ ચાર ચોખા પડી જાય તો રીતની ભીખ પણ મલે, ને પાં- ખરાનો ડહેલાણી તકડાવી શકાય. જોઈએચ ભપકા સપકામાં કામતો લીધુંચ ને વધુ ભપકો તો આ પુનાનો માતબર મેહેલ." એટલું બો- લીને શ્યાવક્ષ અંદર ચાલી ગયો અને તુરતના આવેલા કુમલા કાકા તથા દીવાન અને તેના માણુસની મુલાકાત લેવામાં ગુંથાયો.

વાંચનાર, શ્યાવક્ષ અને શીરીન કોણ હતાં? તે જાણવા આ- ગલ ચાલીએ. શ્યાવક્ષ, પુનાના પંકાએલા વકીલ પેસતનશા પાલનજી પિંડરનો એક પુગો બેટો હતો. "સુમનો પૈસો રાખી ખાય" તેમ કંજુસ વકીલે કાવાદાવાથી એકઠો કરેલો પૈસો આ શ્યાવક્ષ ઉડાઉ હાથે ખ- રચતો હતો અને શીરીનને મોહરદાર કરવાના હરખમાં નાણું કાંકરા મીસાલ ફેકતો હતો. તેનાં મા બાપ તેને બાળક મુકીને મરી ગયાં હતાં. અને તેનો બાઈ તેનાં લગન થયા પછી જુદોજ હતો, એ- ટલે ઉપરતા શ્યાવક્ષને પેસતનશા મુંબઈના પોતાના એક જાની દોસ્ત કુવરજી ઉર્ફે કુમલા કાકાના આશરા તળે મુકી ગયા હતા. શ્યાવક્ષ ઉમરે પુગા પછે વીલના ઠરાવ મુજબ પુનામાં પોતાના પંકાયલા બાપના નામની આબરૂથી મોજ મારતો હતો. એ મોજ કરવામાં તે છુપો કરજદાર થઈ ગયો હતો. તે કુછંદી ન હતો, પણ ખાવા પીવાનો, કપરાં ચપરાંનો, ચોપડી, ફરનીચર ઇત્યાદીનો શોકીન હતો એટલે પૈસો ટકવો કઠણ થઈ પડતો. આ વાત કુમલા કાકાથી અજાણી ન હતી ને તેથીજ તે પોતાની દીકરી શીરાંને તેની સાથે અદરાવવા નાખુશ હતો, પુણ શીરા, અને તેની માય કુવરબાઈ ઉર્ફે કુમલી કાકી એક અવાજે તયાર હતાં.

શીરીન, કુમલા કાકાની બેટી હતી અને તે શ્યાવક્ષને બચ્ચું

પણથી ચાહતી હતી કેમકે શ્યાવક્ષનો બાપ ગુજરી ગયા પછી તે બાળક તેના બાપને ત્યાં રહેલો હતો, અને વધુ તો તે મીલકતવાળો પોતાના સરખો શોખીન અને મળતાવડો છતાં પુનાના માતબર મેહેલનો માલેક હતો એટલે એજ મેહેલ તેનું ભવિષ્ય ઉઘાડતો હતો.

પ્રકરણ ૨ જું

પારસી સંસારી સુધારાપર કુમલા કાકાનો ધુબારો.

એ રાત તો એમજ પસાર થઈ, અને બીજા બે ત્રણ દિવસ પણ બીજાં કામ કાજમાં પસાર થયા પછી એક વખત કુમલા કાકા, દીવાનજી સાહેબ સાથે માતબર મેહેલના શુશોભીત ફરનીચરથી ચળકતા દીવાનખાનામાં શ્યાવક્ષ અને શીરીનને લઈને વાતો કરવા લાગ્યા. કુમલા કાકા બોલ્યા, "દીવાનજી સાહેબ ? આજે વખત પહોંચ બારીક આપોચ તેમાં હમારા પારસી ભાઈઓની તો વાતજ ના કરો."

"તમે ભલે કહો સાહેબ, પણ આજકાલ પારસી જેવા સુધરેલા, ખબરદાર અને આગળ પડતા છેજ કોણ? જ્યાં જુવો ત્યાં પારસી! થોડી સંખ્યામાં બહોલો ફેલાવો પામેલા પારસીઓ કેવા ખબરદાર અને હુશિયાર છે! એ કંઈ તેઓના માટે ઓછી જામીનગીરી નથી. વેપાર ધંધો, નોકરી ચાકરી અને રાજ્યની બાબતમાં જ્યાં જોઈએ છઈએ ત્યાં પારસીજ છે. હમારા હિંદુઓનો આટલો મ્હોટો ભાગ છતાં શું પારસીઓથી આગળ પડી શકે છે! મી૦ દાદાભાઈ નવરોજી જેવા એક દેશી ગૃહસ્થ કે જેને "કાલા માનસ" ના ઇલકાબ દેનારાઓનેજ શરમાવી નાખ્યા. તે પણ પારસીજ. ખરેખર પારસી કેળવણીને, તેના સં-

પીલા ખવાસને અને તેના સુધારાનાં હિમત ભરેલાં પગલાંને ધ- ન્યવાદ આપવો ઘટેછે." દીવાનજીએ પોતાના ખરા વિચારો જણાવી દીધા.

"આગ લાગેરે તેના સુધારાપર, સાહેબ? આજ કાલનો સુધારો તે શું સુધારો છે? કેટલાક પોરીયા અંગ્રેજ થવા જાયચ્ય તો કેટલીક પોરીઓ મડમનો ડ્રેસ કરવા જાયચ્ય ને તેમ કરતાં ઓદાના બંદા હોવ તો માનજો કે પછી તેમાં નહીં રેહતો ઠેરો કે નહીં રેહતો પારસી. જાણે નરો ફરંગી ગોટલો. ગોટપીટ સોટપીટ કીધું, અંગ્રેજના હોટેલોમાં જ- ઇને ખાધું ને આયતા પૈસાપર મજા કીધી. નહીં સારો ધંધો પકડતા કે નહીં મહેનત લઇને આગળ પડતા. પારકે પૈસે દીવાળી કરવી હોય તો પારસી પેહેલો. ભણ્યા ગણ્યા તેથી મેહનત મજુરી નહીં થાય, હલકાં કપડાં નહીં પેરાય, ચાલીને નહીં જવાય, નોકર ચા- કર વિના નહીં રહેવાય અને હલકો ખોરાક નહીં ખવાય. પો- રીઓ પણ રાંડ તેવીજ છે. એસ્કી હેન્ડબેગ, રેશમી અમબ્રેલા, ફેનસી બુટ, અરધાં ઉઘાડાં બદીયાન, માથું ખુલ્લું અને સારીનાં બાંધ- રામાંથી આખું આંગ દેખાય, વરી તે તો બરીઊ પણ નોકર ચાકર, ક- પરાં લત્તાં અને ગાડી ઘોડા ઉપરાંત નાટક જોવા, આઇસક્રિમ ખાવું અને મારકીટ પર રખડવા સિવાય તો રહેવાયજ નહીં. વાલકેશ્વર, મહાલક્ષ્મી, વાંદરા, માથેરાન, મામલેશ્વર અને છેવટ ડુંગરીને ક્રિકેટ પણ જવા જેવો શોખ. કહો, પારસીનાં સંસાર કેમ સુખી ચાલે?" કુમલા કાકાએ ધુજારો કરી મુકયો.

"પણ, કાકા સાહેબ? તમે જુની આંખે નવુ દેખો તેથી એમ લાગે. શું તેઓના મનમાં તેમ ખોટું લાગે છે? વખતના સુધરવા પ્રમાણે સૌ ચાલેછે. અલબત હદની બાહેર જવું એ હાનીકારક છે, બાકી બસ ભલું. દીવાનજીએ કુમલા કાકાને ચીરડાવ્યા.

"શું છોકરીઓને એવી કેળવણી આપવી જોઇએ કે તેને અંગ્રેજી શીખવવી અને ઘર સંસારનાં કામોથી બીન માહિતગાર રાખવી! ફકત ખુરશી પર લાંબા ટાંટીયા મુકીને ન્યુસપેપર વાંચવાં, પીયાનો સીખવા અંગ્રેજ મડમને રાખવી, નવી નવી ચીજો વાપરવી અને આબરૂદાર ધણીને પાયમાલ કરવો એ સુધારો કે!"

"ઇશ્વરે આપેલું હોય ને ન ખરચી ખાય તેના ભોગ" દીવાનજી બોલ્યા.

"ખરૂં છે પણ હમારા પારસીઓ તો એકજ ત્રાજવે તોળાવા માંગેચ તે! ગરીબ કાંહાં ધનવાનની હાલત સમજેછ! તે પણ ગરીબ છતાં પૈસાદારની ચાલ ચાલવા જાયછ! તેવી પોરીને પણ બારીસ્ટર ને વકીલ, ડાકટર ને ઇજનેર જોઇએછ, તો પછી બધા તે તેવા હુશિયાર કમાઉ ને પૈસાદાર કાંહાથી મળવાના છે! પોરીઆઓએ તો હવે નવો ધંધો માંડયોછ. ધંધો ધાપો છોડીને રીતની ભીખ માગવા નીકલ્યાછ. નહીં મા બાપની આબરૂ જોતા કે નહીં પોતાનો હોધો જોતા. ગરીબ અને તવંગર બસ સરખાજ થઇ બેઠાછ, તેમાં જો કોઇને બે ચાર દીકરી હોય અને બિચારો પાંચ પચાસનો કમાઇ કરનાર હોય તો તેને કરવું શું? છોકરાં બાપની હાલત તો સમજતાં નથી! જોઇએ તો ચોરી કરો પણ એસકી ડ્રેસ અને ખરચવાના પૈસા આપો.

પછી! એ વધી પડયું છે, એવી ચાલ અને રીત નાબુદ થવી જોઇએ છે. અજબ છે કે તમારી કેળવાયલી કોમમાં આટલી બધી છુટ લેવાય છે." દીવાનજીએ કહ્યું.

"છુટની શું વાત કરોછ સાહેબ? અમારાં ધરમ ધ્યાનને દરિયામાં નાખેચ પણ હમારા પવિત્ર મકાનમાં પણ હવે તો સુધારાનું ડાળ ઘાલનારા પોરીઆ અંગ્રેજી ડ્રેસમાં આવેછ કે જે હમારા ધર્મના પુસ્તકમાં મના

છે. ટચાક છોકરીઓ ખાસ પરણેલી છતાં માથાખાનું છોડીને ઉઘાડી ફરેછ અને કોઈ તો ટોપી પેહેરીને મડમ થવા માગેછ. તવંગર તો તેમ કરી શકેછ પણ ગરીબની તેવું કરવા લાગાંછ, એટલુંજ નહીં પણ મા બાપથી બેદરકાર થઈ જાયછ એટલે તેનું પરિણામ એવું ખરાબ આવેછ કે તેથી આબરૂદાર મા બાપને કોઈ વખતે ઝેરખાઈને મરવું પડેછ."

"આ બાબત તમારા પારસી પેપરોમાં બહુ ચરચાય છે. હું ધારૂંચ કે "કુમલા કાકાનાં ઈસ્ટુ" એ વિષય પર તમેજ લખતા હોસો." દીવાનજીએ નવી યાદ આપી.

"લખો કે ભોંમો તેમાં શું વલે? જ્યાંસુધી આપણી કોમ એક થઈને ચોકસ રીવાજ ઘડી ન કહાડે, ત્યાં સુધી કંઇ થવાનું નથી."

"તમારી કોમ સંપીલી છતાં તેવું કેમ કરી શકતી નથી?"

"ઓદા જાણે બા. આજ કાલ તો ઘેર ઘેરના રંગ જુદા છે. ખાવવાના દાંત જુદા અને દેખાડવાના જુદા. આપણી કોમની વાત બાજુ કરો પણ પોતાના ઘરમાં કોઈ સુધારો કરી મરેછ? અંગ્રેજી પર ચેટક લાગુંછ પણ ગુજરાતીને કાં વીસારી દેવાય!"

"તમારી એક, પારસી છોકરીઓની નિશાલ છે. ત્યાં દરેક બાબતનું શિક્ષણ ઘણું સારૂં અપાયછ. હુ તે નિશાળમાં અગાઉ ગયો હતો તેના જેવું ગુજરાતી શિક્ષણ મુંબઈ ઈલાકાની ગુજરાતી કન્યાશાળામાં કોઇ ઠેકાણે અપાયલું મેં જોયું નથી.

"હા. મરહુમ મી૦ બંગાલીવાલી સ્કુલમાં તેવું છે, રાંધણકળા, ગુંથણકળા, અને તે ઉપરાંત ભરવાનું અને અંગ કસરત સુદ્ધાં ગુજરાતી પર સંસારી બાબતોમાં તેના બાહોશ સેક્રેટરીએ સારો સુધારો કરેલો છે. જો કે અંગ્રેજી શીખવવામાં લાભ છે પણ તેનો

ગેરઉપયોગ કરવાથીજ નઓદ વળેચ. તેમ કરીનેજ કેળવણીના નામને બદનામ કરેચ. અંગ્રેજી કેળવણી લીધાથી કંઈ કોમલ બની શકાતું નથી પણ પછી આપનો સંસાર ભુલી જઈને અજ્ઞાન છોકરીઓ અંગ્રેજના સંસારપર નજર ફેરવેછે, ને તેથી તેઓનો સ્વતંત્ર બવાસ પોતે કરી લઈને આખરે ટચાક બની જાયછે, અને ઓટા શુધારાનું નામ ધારણ કરીને આખા સંસારને પાયમાલ કરેછ. યાદ રાખજો દીવાનજી સાહેબ! કે થોડા વખત પછી પારસીનો જમાનો બદલાઈ જશે ને તેથી નકીને બદલે બદીનો વધારો થઈને સંસાર નાબુદ થશે."

"પણ તેટલાં તો કોઈની આંખ ઉઘડશે ને રસ્તે ઉતરશે."

"રસ્તે ઉતરે તો સારૂં નહીં તો નઓદ. હું તો હિમ્મતથી કહુંછ કે જાણવા જોગ અંગ્રેજી કેળવણી આપીને કન્યાઓને ઘર સંસારનાં કામપર લક્ષ અપાવવું, તેને અંગબલ ખીલવવામાં કાલજી રખાવવી કેમકે તેથી તેના શરીરનો મજબુત બાંધો રોગી થવાને બદલે નીરોગી થશે અને તંદરોસ્તીના ફેરફારથી તેઓની ઓલાદ ઘણી મજબુત, કસાયલી અને બહાદુર નીકલશે. પણ આજ તો બાલક અવતર્યું કે કોઈ રખડતી સ્ત્રીને ધવડાવવા સોંપશે. જ્યારે એક ખરી માતાનું દુધ પીવાને બાલક બેનસીબ રહે તો તે જાતને બદલે પરજાતના ગુણ કાં નહી લીએ? અફસોસ! આજનો પારસી સંસાર મને બહુ કંટાલા ભરેલો થઈ પડયોચ ને તેથી ભવિષ્યની ઘણી ચિનતા રેહછ. કમાઈ થોડી ને ખરચ વધી પડયાછ, ને તેથી કેટલાક છુપા અને કેટલાક જાહેર ભીખ માગવા નીકલ્યાછ. સાહેબ! હું મહારી એબ ઉઘાડી કરૂં તે ખોટું છે પણ તમે જોશોજ કે એથી કેવાં કડવાં ફલ ચાખવાં પડશે? ફકત તે થોડા માટે.

"બરાબર છે, સાહેબ."

આ વાત હજુ ચાલે છે તેટલામાં ટપાલ આવી અને સર્વે પોત પોતાના કામપર વળગી પડયાથી આ પ્રસંગ અધુરો રહ્યો. કુમળા કાકાને મુંબઈથી તાર આવ્યો તેથી તેને એકદમ ઉપડી જવાનું હતું, અને દીવાનજી પણ તેજ દીવસે જવા નીકળ્યા. શ્યાવક્ષે ધારેલો વિચાર આ વખતે ફલીઓ નહીં તોપણ શીરીનની સાથે બંદોબસ્ત કરીને તેઓને રજા આપી. તેઓ રાતની ત્રેનમાં મુંબઈ ઉપડી ગયાં અને શ્યાવક્ષે પોતાના સુખને માટે એક નવી યુકિત શોધી કહાડી.

પ્રકરણ ૩ જું.

શીતની ભીખ મેળવવાની નવી શોધ.

શાણી શીરીન પોતાના પવિત્ર પ્રેમની દોરીએ શ્યાવક્ષને બાંધીને તેના બાપ સાથે મુંબઈ ઉપડી ગઈ. આ તરફ શ્યાવક્ષ તેનાં સુખનાં સ્વપ્નાં જોવા લાગ્યો. બગીચામાં બેઠેલી બુલબુલ જેવી, શીરીન હલકની શીરાંનો એકાન્ત મેળાપ અને તે મેળાપનો પ્રીતી ભર્યો લાભ ઘેલા ભમરા શ્યાવક્ષને જેટલો ફાયદાભરેલો નીવડયો તેટલોજ દુઃખમય થઈ પડયો, કેમકે તેની મીઠી મોહબતનો માનીતો થઈ પડેલો હંસ એ મોહીનીની મનોહર લેહેજત શિવાય બીજાં મણી જેવાં પદાર્થને પણ ચરવાને હઠીલો થયો. તેની ઊંઘ, તેનાં સ્વપ્નાં, તેના મનનો સંતોષ, તેનો દીવસ ગાળવાનો ધંધો, તેનું ખાવું અને તેનો એશઆરામ ફકત શીરીનનું ખરું દીલ થઈ પડયું. હવે તેને નવી આફત આવી પડી. આજસુધી તે ધારતો હતો કે શીરીનપર અજમાવવા ધારેલો અખતરો ખચીત ફતેહમંદીથી પાર પડશે પણ

તેમાં થોડા વખત સુધી તે ઠગાયો અને આખરે તેને વમાસણ અને વિટંબણનામાં ઉતરવું પડયું. શીરીન જેવી ખુબશુરત પરી પોતાની મોહોબતમાંથી છટકી જાય, મુંબઈની નાજુક સુંદરી પોતાના હાથમાંથી નાહાસી. જાય, અથવા તો ગુલીસતાનના બગીચાનું ખુસબુલ બીજાના પંજામાં સપડાઇ જાય એ તેને મોહોત કરતાં પણ વધાર અસંતોષ ભર્યું લાગ્યું. હવે તેના પ્રેમનાતીણાબાણે તેનું જીગર કોરી નાંખ્યું અને તે બવાયલા અંતઃકર્ણના શાખે છુપો પત્ર વ્યવહાર ચલાવવા માંડયો. કુમલા કાકાના જુના વિચાર, અને દીવાનજી સાથનો પોતાના ઘર માટેનો છેલો ઠરાવ, શ્યાવક્ષાની વિરૂદ્ધ થએલો હોવાથી તેનું મન ચકડોળે ચહેલું હતું. જોકે પત્ર વ્યવહારનો પેહેલાં તો શીરીને જવાબ આપ્યો ન હતો તોપણ શ્યાવક્ષનું મન તે તરફ વિશ્વાશુ હતું એટલે એકદમ તે હારખાઇ જાય તેમ ન હતો. એક કાગળ લખ્યો તેનો ઉત્તર ન મળ્યો, ત્યારે પ્યારના પુતલાએ મોહોબતની કવિત્વ શક્તિ ધારણ કરીને કવિ બન્યો અને નીચે મુજબ એક ગજલ લખી કહાડી.

ગજલ.

ગયું તું ગુલ બગીચાનું-રહ્યું ખુસબુસ શુખ શાનું!
થયું નાચાર દુઃખિયારૂં, રીબાવી શુખ મન માન્યું. ૧
ભલી ઉમેદ ભરમાવે-વિઘ્નની વાત ગભરાવે,
ઉછળતા મોજ બહુ આવે-ઘતમાં ઓરનું ટાંકું. ૨
નથી ઉપાય કંઈ મારો-ખુલાસો માગુંછું તારો,
કહે શીરાં! દે સધીયારો-હવે શું આખરે માનું. ૩

આ ગજલ તેજ વેળાએ મુંબઈ મોકલી દીધી, અને તે શીરીનને મળતાંજ તુરતજ તેણીએ પણ તેવીજ ગજલમાં જવાબ મોકલ્યો.

ગઝલ.

ખીલે જો રૂતુ વેલીની, મળે ગુલ ફુલ ચંબેલી,
વસંતી બાર થઇ ઘેલી, ધીરજ તું રાખ મનસેથી.
નથી ગુલ ક્યાંહી જાવાનું, અરે બુલબુલનુ થાવાનું,
નથી એ કામ ખાવાનું, ધીરજ તું રાખ મનસેથી.

ઉપરતાં જોડાંનો કેવો પ્રેમ! ખારથી પરણવા નીકળેલાં પુતલાંનો કેવો પ્યાર! શું આવાં એકમતનાં સંપીલાં જોડાનો સંસાર સુખવાસી નથી? મનની ખરી લાગણી ધરાવનારાં સ્ત્રી પુરૂષો મરતાં સુધી પોતાનો પવિત્ર પ્રેમ તજે છે! અરે, સુખ દુઃખમા પણ તે પ્રેમથી તેને કઠણમાં કઠણ દુઃખ કદી લાગે છે? ના, અલબત એ જોડાં હમેશનાં મનનાં સુખી અને તનનાં નિરોગી છતાં ધનનાં ભુખ્યાં અને રોગી હોયછે, એમ કહીશું તો ચાલશે.

શ્યાવક્ષને શીરીનની ગઝલે ખરેખરો ડંખ માર્યો, તેમાં સમાયલો ભેદ, શ્યાવક્ષને બહુ સુખમય નીવડશે એમ માનવાને કારણ હતું પણ પાછળથી ખાનગી તારનો સંદેશો મળ્યો અને શ્યાવક્ષ પોતાની ચાહમાં પરાજય પામ્યો. શીરીને તારમાં જણાવ્યું કે "બાવાજીએ બીજા સાથે મહારા લગનનું નક્કી કરેલું છે, હવે શું ઉપાય? હમે માથેરાન જઇએ છઇએ, બનશે તેટલી તજવીજ કરશું." આ તારથી હવે શ્યાવક્ષ, મધુર કોયલડીને હાથથી ઉડી જતી જોઇને તદન નિરાશ થયો. તેણે નવીજ તદબીર શોધી પણ તે તદબીરમાં એ ફતેહમંદ નીવડે, તે પહેલાં તે બીજી આફતનો ભોગ થયો. તેના લેહેણદારોએ તેના પર તાકીદ ચલાવી. પુનાના જાણીતા મારવાડી પુનમચંદનું કરજ રૂપીયા પાંચ હજારને આશરે થયું હતું અને તોપણ તે પોતાનો હાથ બાંધવાને બદલે ઉડાઉપણે ખરચતો હતો. પારટી, મેજબાની અને

મેહેફીલોમાં નાણાં ખુમ વેરતો હતો એટલુંજ નહીં પણ ફેશનેબલ કપડાં અને ઉડાઊપણે ધારણ કરેલી ફીશીયારીમાં તે ખુવાર થયો હતો. તે છતે પૈસે લાચાર બનીને આખરે કોઇનો કિલ્લો જોવાની તૈયારીમાં હતો. પણ તે અરસામાં ભલા ખવાસના મારવાડીએ સમજીને થોડો વખત થોભવા જણાવ્યું હતું. જો લગન થઇ જાય તો લગભગ અરધા લાખની દોલત તેની પાસે આવે તેમ હતી. પણ તે પેહેલાં રીતની ભીખ તો તુરત મળે તેમ હતું તેથી તેણે મારવાડીઓને થોભાવ્યા હતા અને તેઓને આ ભીખના અવેજપર રોકીને સેંકડે દસ ટકા વધારી વ્યાજની જુદી ડબલ ચીઠી લખી આપી હતી.

શ્યાવક્ષ હવે ગભરાયો. મિત્રો પણ સ્વારથી અને ખુશામતીઆ હતા. તેઓએ બીજી મદદ તો નહી કીધી પણ મુંબઇના છાપાવાળાની લાગ વગથી એક પુનાના ખબર પત્રી તરીકે શ્યાવક્ષના લાભમાં લખાણ કર્યું અને તેથી શ્યાવક્ષે ઉમેદ બાંધી કે કંઇપણ ફાયદો થશે. આ ઉમેદમાં તેને વધારે હિમત એમ આવી કે શીરીને ફરી કાગળમાં જણાવ્યું જે "લગન કરવા માટે બાવાજીની મરજી થઇછે, એમ માયજીના કેહવાથી જણાયુંછ પણ તે એવી રીતે કે જો શ્યાવક્ષ હાલ તુરત રીતની ભીખ ન લીએ તો પાછળથી તેને વારસ તરીકે બધી દોલત આપવી. આ હિમત જોકે દમ વગરની હતી કેમકે શ્યાવક્ષને તો રૂપીયાની જરૂર હતી પણ તોબી તેણે દગલબાજીથી શીરીનને અને તેની માંયને જુદાં જુદાં કાગલ લખ્યાં તેમાં જણાવ્યું કે હાલ તુરત નક્કી કરો રીતનું થઇ રહેશે. કુમસી કાકી તરફથી ધીરજનો પાછો જવાબ મળ્યો. તોપણ અધીરા શ્યાવક્ષ મુંબઇના પત્રમાં પોતાના લગન બાબતની ખબર જણાવી દીધી. એવી મકસદથી કે કુમલાકાકા જલદી કબુલ કરે, અથવા તો કુમલીકાકી તો

ખચીત અધીરી પડીને કુમલા કાકાને જેમ તેમ સમજાવી દે, અને બગનનું નક્કી કરે. આખરે એમજ થયું.

ખચીત આ એક નવી શોધ નવા પરણનારા માટે ફાયદા ભરેલી થઇ, જોકે કોઇ વખત તેમાં નિષ્ફળ જવાનો મોહોટો ભય રહેછે તોપણ ફતેહમંદ જીતવાની ઉમદા તક મલી.

વલી આજ કાલ પારસી બાઇઓના મગજમાં ભરાયલું ભુત, નવા પરણનારાને વધુ ડિલેવન આપે એવું હતું ને અધીરાં મનનાં બેશંઓ પોતાની લાડમાં છકાવેલી છોકરી માટે સારૂં નરશું ન જોતાં થોડે પૈસે વિદ્યા કે આબરૂ ન તપાસતાં તરીમ તરાહ ફેરાનની ફીસીપારીઓર એનકી ને ઓની દરાજ ઉપરાંત નામના પૈસામાં ખપતા ટચાક પોરીઆઓની સાથે લાકડે માકડું જોડી દેવાને બીલકુળ અચકાતાં ન હતાં. આ લાગ પરણનારાઓ ઘણી ખુશી તરેહથી લેતા હતા ને મનગમતી રીતની ભીખ લેવા માટે નવી શોધો ચલાવતાં એક ખરા ધંધાનુંજ રૂપ આપીને કારસ્તાન કરી કોઇની નિર્દોષ છોકરીને પરણીને પાછળથી હેરાન કરતા હતા અને પોતે હેરાનગતી ભોગવતા હતા. એ રીતે રીતની ભીખની નવી શોધમાં ક્યાવક્ષ પણ ફાવશે એમ ધારતો હતો અને અંતે તેમાં તે ફાવ્યો હતો.

પ્રકરણ ૪ થું.

માથેરાનની મજાહુ અને કાજ કરનારાઓની કજા.

૬૨ રવિવારે પ્રગટ થતાં એક પત્રમાં પુનાના ખબરપત્રી તરફથી નીચલી એક વધુ ખબર પ્રગટ થઇ હતી. "પુનાના માતબર મેહેબને નામે પંકાયલા મરહુમ વકીલ પેસ્તનશા પલીડરના એક પુરા

બેટાનાં લગન મુંબઈનાં એક નામીચાં ખાનદાનનાં કુટુંબમાં ગોઠવા-યેલાં કહેવાય છે, અને તેની ખુગાલીમાં ખાસ મિત્રોની એક બેઠક કરવામાં આવેલી કહેવાય છે." આ ખબર કુમલા કાકાએ વાચી અને તેના પેટમાં તો જાણે દોઢ મણ દુધ પીધું હોય તેવી ઠંડક થઈ, પણ વિચાર એ થયો કે "પોતે જે કામનો આગેવાન, તેના અંજાણપણામાં આ કામ થાય, એ અજાયબ જેવું છે. એ ટચાક પોરીઆનું શા આધારે અને કોણની મદદથી કાજ ગોઠવાયું હોશે! પોરીઓ છે તો ચબરાક, પાછલે દહાડે કશું નામબી કહાડ-શે ખરો. મહારી કુમલી હઠ કરેછ તો શીરાંને સારૂં હજુબી નક્કી કરી દેશ પણ લોકો હસે તો? જવા દેની યાર? "ધાઓ ધાઓ ને કરમમાં હોય તે ખાઓ" તેમ વલી કોણ જાણે "આવ બલા પકડ ગલા" કરીને આજના પોરીયાની પૈડ માથેજ પડ તો શું કરવું! છોકરી છે ને તેનું નશીબ છે. છોકરો છે તો ડહાવાલો, પણ બેટીબાપ હાથનો બહુ છુટો દેખું! હોશે કુમલી હવે જીવ લેતી તો ટલી! હું ધારૂંછ કે શ્યાવક્ષનો કાગળ આવશે એટલે બધી ખબર મલશે. ખરેખર જો એક નામીચું કુટુંબ મલે તો તેનો નશીબો ઉઘડયો ખરો. કદી પૈસાદાર સમજીને શ્યાવક્ષને આપેબી. વરી સાપે લાગો જરા ભપકાદાર છે તેથી કોઈ અંજાઈ જાય અને માતબર મેહેલના નામે સપડાઈ જાય. હોસે, ચાલો આપણે તો આપણો ઠરાવ છે તેમ રહેવું અને શીરાંને કોઈ ગરીબ પણ કમાઉ પોરીયાને આપવી. એની માયનું ખચ્ચર થાય તે એ રાંડ કુમલી કંઈક પોરીનું નવું જુનું કરસે. મને બીક છે કે તેની માંય એ છોકરીનું નખોદ વાલસે. કંઈ નહીં હવે થોડીજ વાર છે. અરે પોરીઆ તો ઘણાં તયાર છે પણ ભીખ માગી મરેચ તે? બાવની કુંજ શ્યાવક્ષને કાગળ

લખું." એમ ધારીને પોતે કાગળ લખવા બેઠા. બીજી તરફ માથેરાન ગએલાં કુમલી કાકી, અને શીરાંને શ્યાવક્ષના લગનની પ્રગટ થએલી ખબરનું ન્યુશ ગયું અને તે શીરાંના વાંચવામાં આવતાં તેને એકદમ હીસ્ત્રીઆ થઇ આવ્યો. એદલ ને આયા દોડી આવ્યાં. કુમલી કાકીએ બુમાબુમ કરી મુકી ને પાણી વગેરે છાંટીને શીરાંને હુશીઆર કરવા લાગાં. ડાકટરને બોલાવવાનો વીચાર કીધો પણ તેટલામાં તો શીરીન હુશીઆર થઇ અને તેની માંયે પુછયું "કાંય, મરૂં! સારીકાની છેની? મરૂરે, આ કાંહા પીશ! એ શું હતું દીકરા શીરાં! બોલની બેટા? શું હતું?" કુમલી કાકીએ અધીરાઇથી પુછવા માંડયું. "મારૂં ફુટેલું નસીબ, મારા દહારાની ચાલ, માહરી ઉમેદની ધુલ હતી માય?" શીરીન તેની માંયના હાથ પર ફસરઇ પડી.

"કાંય, કાંય, દીકરા શીરાં? એમ કાંય! બોલાસેથી કહેની શું ધુલ પડી. મરેરે! એ આપણાં ગરીબી ઘરમાં ધુલ ને ધમાલ શું બરીચ, કેની દીકરા? ધરેરે! એ શું ધુજારો! મારો તો જીવ ફરી આવેછ. કહેની શીરાં! શું છે?" કુમલી કાકી બહુજ આકલી પડીને બોલી. "માંયજી? શ્યાવક્ષના લગન ગોઠવાયાં!"

"ગોઠવાયું? કાંહાં? મરેરે, જીભરાયા તારા બાપની બુદ્ધિ ફરી ગઇ તે? બરૂર એવી કંજુસાઇનો કાહારે છેરો છુટશે? પણ તેં કેમ જાણ્યું, શીરાં?" વધુ ખુલાસો માગ્યો.

"નુસમાં ખબર છે, માંયરે." શીરીન બોલીને ગભરાવી હોય તેવું ડાળ ઘાલ્યું.

"પરવરદીગારની મદદ, મારી જીભરાઇ શીરાંને. હવે શું કરૂં માંય? તારા બાપેજ તારૂં નખોદ વાળ્યું તે, ધન ધન પોરી જેવો રૂપાળો ફાંકડો ને તરીમ તરાકીયો, સાથે લાગો દલાવારો પોરી-

આ મુંકીને હવે બીજા સોધતાં તો બાર વરસ જશે ને તેટલામાં ખોદાએ આપેલું એક ફરજંદ કાંહાં રવડતું થશે! શીરાં! હવે શું ઉપાય! મરેરે મારો તો જીવની ઉડી ગયો. પણ શીરાં? નુસમાં આવું તે તું સાચું માનેચ કે? છાપાવારાતો ઓંજીયા ઉડતી વાત કાને આવે, કે જત છાપી દેવછ હો?"

"છાપાવાલાને તેમાં શું નફો જે છાપી દેય? ખબર મલે તે છાપે. વધુ નહીં તો થોડુંબી હોશે તો ખરૂં કેની! હવે તો કંઈ તાર કરીને પુનેથી જવાબ મંગાવો, અને તેમાં જણાવો કે હાલ તુરત તું ઘોબ પણ તેમ કરીને બાવાજીને સમજાવે કોણ? મરેરે! મારૂં નશીબ બરેરે! હવે હું શું કરસ?" શીરીને ઢોંગ કરવા માંડયો. તેણીને તો સારી રવેસે ખબર હતી અને શ્યાવક્ષ સાથના છુપા કાગળોથી તેણાએ આ પ્રપંચ જાણી લીધો હતો તોપણ તેણીની માયને સમજાવવા એ પોરીએ આ તાલ રચી હતી. આજ કાલનાં લગનની બલીહારી! આજ કાલનાં છોકરા છોકરીઓના નવાં અને સુધરેલાં ફેન કોતક. શું જમાનો આવેલો છે! રખે કંઈ અંગ્રેજી શીકેલાં થઇ આવે ને બે ત્રણ દાયકે આપ ખુદીનાં લગનની ચાલ નીકળે! આ શો જમાનો!!!

"દીકરી! તારી ઉમેદ બર આવશે. ખોદાયજી બાપ, મારી દીકરીનું કાઝ સુધાર! આતસબેહરામમાં શુખર ચરાવસ!" કુમલીકાકી વિનતી કરવા લાગાં. માંય, દીકરી, હજુ એ ખટપટ ચલાવે છે, એટલામાં એક નવી ખબર આવી. શીરીનને ટપાલમાં કાગલ આવ્યો તેમાં શ્યાવક્ષે વર્ત્તમાન પત્ર ઉપરાંત બીજી સુકિત કરી હતી તે જણાવી અને તેથી તેનુ મન ખુશ ખુશાલ થઇ ગયું. દોડતી અને હસતી શીરીન તેની માંય પાસે આવીને બોલી માંયજી? શ્યાવક્ષનું લગન બાવાજીએ કબુલ્યુંછ એમ શ્યાવક્ષ લખેછ.

"શુકરાનાં! પણ દીકરી? તારા બાવાજી કબુલે એ તું માનેછ!"

"કોણ જાણે બાવાજીનો આ કાગળ છે વાંચવા દેવની? જે હોસે તે જણાશે." શીરીન કાગળ ફોડી વાંચેછે, તો તેનાં તાજે કલમમાં લખ્યું હતું કે "શીરીનનું લગન ગોઠવવાની તજવીજ કરીછે. એક મોબેદ તમારી પાસે આવે તેની સાથે નક્કી કરજો અને તમને પસંદ આવે તો તરતજ સોદી પેનાવજો." કુમલીકાકી એ સાંભળીને બોલ્યાં પણ કોણની સાથે? મોબેદ કાંહાંછે? "એટલામાંજ મોબેદ આવ્યો અને તેણે જણાવ્યું કે "પુનાના પેસ્તનશા વકીલના દીકરા શ્યાવક્ષા શેઠ સાથે શીરીનબાઈનું કાજ ગોઠવવાનું શેઠ કેહ્યું છે. મરજી હોય તો ઘર સારૂં છે. શાવક્ષા શેઠ વકીલ થવાના છે તે તમે જાણોશ. વરી તમારૂં ઘરનુ ઘર."

"પણ તેનાં લગન તો ગોઠવાયાં એમ સમજીએ તું તે!"

"તે પડતું મુકાવીએ ને શેઠને સમજાવીયા?"

"વારૂ, હમારે કબુલ છેજી. પુને તાર કરીએ અને શ્યાવક્ષને બોલાવીએ." આ પ્રમાણે કાજ ગોઠવવાની તૈયાર કીધી અને શ્યાવક્ષને તાર કીધો. શ્યાવક્ષ તેનીજ વાત જોઇ બેઠો હતો એટલે તાર મલતાં તુરત પરબારો માથેરાન આવ્યો અને તેજ દિવસે લગન ગોઠવાઇ ગયાં. બીજે દિવસે મુંબઈ તાર કીધો અને વલતો કુમલાકાકાની સખ્ત બીમારીનો તાર મળતાંજ કુમલીકાકી અને શીરીન મુંબઇ ઉપડી ગયાં તથા શ્યાવક્ષ પોતાની વહાલી શીરીનને મલી બેઠી, તથા પોતે કરેલાં કારસતાનની કેફીયત જણાવી લગન માટે ઉતાવલ કરવાનું કહી કુમલીકાકીને લગાર સમજાવી પટાવીને પુને ચાલી ગયો.

વાંચનાર! કુમલાકાકાની બીમારી શા સબબે વધી પડી? તે જાણવું જરૂરનુ છે કેમકે તેણે પોતાની દીકરીનાં લગનનું નકી કરવા

કહ્યું અને તેમ છતાં તે આભારી કેમ પડયા! જાણવું સેહલું છે કે આ લગનને ગોઠવવામાં લુચ્ચાઈ થઈ હતી. શ્યાવક્ષે છુપે નામે પરણવાની ખબર એક ડેલી નુસપેપરમાં આપી હતી. ને તેમાં જણાવ્યું હતું કે "પરણનાર જુવાન રીતની ભીખજ ધિકારે છે" આ ઉપરથી કુમલાકાકાએ તેની સાથે પેપર મારફતે પત્ર વહેવાર ચલાવ્યો હતો પણ તેમાં પરણનાર શખ્સનુ નામ છુપું હતું. શ્યાવક્ષે જવાબમાં લખેલું હતું કે "મોબેદને પુને મોકલો અને તેના ચોકસ ઠેકાણે હમે પોતે મલવા જઈશું. ત્યાં ખુલાસો કરીને નક્કી કરશું." આ ઉપરથી કુમલાકાકાએ એક મોબેદને મોકલ્યો અને શ્યાવક્ષપર કાગળ લખ્યો. એદલદારૂ અંધીઆરૂ એક અગ્યારીમાં ઉતર્યો, અને શ્યાવક્ષને ખબર મળતાં તુરત તેની પાસે આવ્યો. શ્યાવક્ષ, પૈસાના ભૂખ્યા અને રોટલીના કુતરા જેવા કાવતરાં ખોર કાજ કરનારને પોતાને ઘર લઈ ગયો, અને પચીસ રૂપીયા હાથમાં મુકીને ખુબાશીથી જણાવીયું કે કુમલીબાઈ તો રાજીજ છે પણ એ બુઢ્ઢો ધાંખરો ના કહેછે માટે નક્કી કરી આપો તો રૂપીયા બસો આપું." શ્યાવક્ષે ભુખ્યા શિયાલની ગરદનપર જબરો ઘા લગાવ્યો.

"ખુશીથી શાહેબ, પણ તમે કાંઇક જુગતી બતાવો. કેમ કરૂં!"

"અહીંથી તમે લખો કે ઠેકાણું મેં જોયું છે. છોકરો, ઘર, સૌ શારૂં છે. ખાનદાની છે, પૈસાદાર છે. મારૂ નામ આપશો નહીં. ભલતા ખાનદાનનું નામ લખજો અને જવાબમાં એમ આવે કે માથેરાન પરભારૂં કાજ નક્કી થાય તેમ કરજો." મોબેદ આ વાત કબુલી. કુમલાકાકાનો જવાબ તેના વિશ્વાશુ અંધ્યારૂપર કરેલી માગણી મુજબ ફરી વલ્યો, અને મોબેદ ત્યાંથી પરભારો માથેરાન ગયો. તે અગાઉ કુમલાકાકા તો માથેરાન કાગલમાં ભરૂશો આપી ચુકા હતા ને તે

પ્રમાણે સ્યાવક્ષના લગન ગોઠવાયાં હતાં પણ કુમલીકાકીના કાગલથી એ કાજ કરનારાના કારસ્તાનથી કુમલાકાકા વાકેફ થયા ને રીતમાં દસ હજાર ઠરેલા હોવાથી તથા પરણનાર શખ્સ સ્યાવક્ષજ હોવાથી તેનો જીવ ગભરાયો હતો ને કાજ કરનાર મોબેદને કોર્ટને બારણે ઘસડવાનો ઠરાવ કરતાં તે તપી ગયલો હોવાથી એકદમ આજારી પડયો હતો ને તેથીજ કુમલીકાકી મુંબઇ આવ્યાં હતાં. જોકે મુંબઇમાં આવ્યા પછી કુમલાકાકાએ તેઓને શારી રીતે ઠપકો આપ્યો હતો પણ ભેદ ભરેલાં કાગલથી અને કાજ કરનારના વિચારાથી તેઓ નિર્દોષિ ઠરતાં હતાં. તે નિર્દોષતા આખરે કુમલાકાકાને કબુલ કરવી પડી હતી. કુમલાકાકાએ મોબેદને કોર્ટે ચહડાવવા તથા શીરીનનું કાજ તોડાવવા ઠરાવ કરીને કુમલીને જણાવતાંજ તેને અખર ઉડાવ્યો હતો અને એજ કાજ કાયમ રાખવા માટે કુમલીકાકીએ તથા શીરીને જબરી લડત ચલાવી હતી.

"શું કંઇ આપણે ભીખારડાં છઇએ કે કાજ તોડી નાખીએ? શું સ્યાવક્ષ રવડતો રખડતો છે કે કાજ છોડી દેવાય! કંઇ આપરે મોને નાક છે કે નરીણ? જીમરઇ એકની એક છોકરી તેનુંબી સારૂં નહીં જોવું? કાંહાં દસ પંદર ખાનાર છે જે તેની વાત. પૈસાના લોભમાં ને લોભમાંજ બધું સત્યાનાસ થાવછ તો? બરેરે તમારો સ્વાભાવ. મુગા મુગા બેસી રહો. મોબેદ મુવો શું કરતો તો. તમારી મરજી શું ચાલે. ખોદાય કરે તે ખરૂં."

"એમાં ખોદાય શું કરે, ધુલ. હરામખોર આજ કાલના કાજ કરનારા ઠગારા છે તે, ને ઘરનાં માણસો પાંધરાં નહીં મલે તેમાં દીકરીઓનું નખોદ વાલેચ. મને શમજાયું કે કોઇ વાડીયા ખાનદાનનાં છે! તેનો કાગલ પણ પરેલો છે. ને લુચ્ચાઇ કરીને સ્યાવક્ષની સાથે

ગોઠવ્યું, રાંડ એ તારોજ વાંક છે, મને તો લાગેચ કે મોબેદ કદી નિર્દોષ હોય પણ તેજ તેને ઉંધું ચતું સમજાવીને શ્યાવક્ષનું નકી કર્યું હોશે! ફકર નહી, હું પણ તેનો બદલો લેઉંછ. મારી રજામંદી સિવાય કરેલાં કામની સાગી રવેસે ખબર લેઉંછ. સબર, કરેલી નાદાની અને થએલી ભુલનું ફલ ચાખવાનું છે. શું કરૂં એકદમ લકવો થઇ આયોછ નહીં તો ખબર જલદી લેતે." કુમલાકાકા ખુબ બકયા પણ ખાટલાપરથી નીચે ઉતરી શકાયું નહીં.

"તારે ઝેર દઇને મારી કાંય નહીં નાંખતાં," શીરીને ગુસ્સે થઇ કહ્યું.

"મરીરેહ, રાંડ, કુત્તી! શરમ છે? ખબર પરસે! ટચાક ને ઉડાઉ પોરીયાને પસંદ કરીયોછ તેમાં તું ને તારી માય બેઉ પસ્તાશો. ફોડ માથું ને કાઢ રાગું. મારે શું. ભોગવવોછ તારે."

"હોશે. જવા દો ને મુગે મોઢે લગનની વાત કરો. થનારૂં થયું." કુમલીકાકી બોલ્યાં.

"તારે ગમે તે કર. દોલત લુટાવી દે ને છોકરીને ફસાવી દે. જા હું તો હવે ઉઠીને જોવાનોબી નથી ને જાણવાનોબી નથી. ઉતાવલમાં નખોદ વાડશે, જા." કુમલાકાકા ગીરા ચડાવીને સુંઇ ગયા અને તેટલામાં મોબેદ આવ્યો. કુમલાકાકા તેને મારવા ઉઠયા, ગાળો દેવા લાગા પણ કુમલીએ તેમને અટકાવીયા અને મોબેદને લગનનું નકી કરવા માટે અંદરના ઓરડામાં લઇ ગયાં ત્યાં ચોકસ દિવસ ઠેરવીને લગનની ધુમ ધામમાં પડયાં. કુમલાકાકાનું કાંઇજ ચાલ્યું નહીં. વિવાહનું કામ કુમલીકાકીએ માથે લીધું અને કાજ કરનાર મોબેદના રૂપીયા બસો ખરા થવાથી તેનું પણ દલદર ફીટું તથા શીરીન અને શ્યાવક્ષ પણ એક દીલથી રાજી થયાં.

પ્રકરણ ૫ મું.

ફેશનની ફીશીયારી અથવા લગનનો લાલ વાવટો.

શુધરેલા શ્યાવક્ષ, ફતેહમંદ થઇને માથેરાનની મોહોબત ભરેલી મજા ચાખીને પુને આવ્યો. તેના હરખનો પાર રહ્યો નહીં. મધુરી શીરીનને મહોરદાર કરીને, મીઃ ફુમલાકાકાના ભવિષ્યના વારસ તરીકે આખા પુના શેહેરમાં પંકાઇ ગયો. મારવાડીઓ પણ હવે તેને વધુ ને વધુ નાંણાં ધીરવા લાગા. આગલા માગનારાઓ તાકીદ કરવાને બદલે પોતાના નાણાં ઉપરાંત વધુ ધારવાને વિનંતી કરવા લાગા. શ્યાવક્ષને તો તેજ જોઇતું હતું કેમકે તેને લગનમાં ખરચવા નાણાં જોઇતાં હતાં એટલે તેઓની વિનંતી કબુલી અને પાંચ હજાર આગલા હતા તેમાં પાંચ વધુ ઉમેરીને દસ કીધા અને વીસ હજારની નવી ચીઠી કરી આપી.

માથેરાનથી આવીને તેણે મિત્ર મંડળને જમવા બોલાવ્યા. તેના મતલબીયા મિત્ર, કે જેણે ન્યુસપેપરની મારફતે રીતની ભીખ અપાવવામાં મદદ કરી હતી તેના કપાળમાં બસો પાનસો જોહોંરયા. કાજ કરનારા મોબેદ સાહેબ બસો રૂપીયા લઇને ગયા અને પરચુતન ખરચ મલીને એક હજાર તો ઉડી ગયા. એવામાં મુંબઇથી લગનનો દિવસ નકી થયાનું કાગલ આવ્યું એટલે હવે લગનની પારટી ચાલી. જોકે મુંબઇમાં લગન કરવા જવાનો ઠરાવ હતો પણ તેથી પુનાના જાણીતા લોકોમાં પારટી આપ્યા સીવાય ચાલે તેમ ન હતું. આવી રીતે ફેશનની ફીસીયારીમાં ફસી પડલા શ્યાવક્ષે આંખ વીચીને કુબેરજીની માફક ખરચ કરવા માંડયો. એક નાચ પારટી કીધી. પાનગુલાબ અને મેટ શોગાદમાં લગભગ હજારેક ખરચ

થયો અને મારવાડીનાં ચડેલાં વ્યાજ આપતાં બાકી સીલક પાંચ હજારમાંથી ફક્ત બે હજાર બાકી રહ્યા તે લઈને કેટલાક માણસોના રસાલા સાથે નીજામના મહારાજાના રેલમાં શ્યાવક્ષા શેઠ મુંબઈ પધાર્યા.

આ તરફ કુમલા કાકાનો જીવ ઘડીપલ, હાય, હાય ને પૈસા. પૈસામાં શીકે ટંગાઈ રહેલો હતો. તે માંદો પડયો હતો. તે મોબેદ ઉપર, શ્યાવક્ષ ઉપર અને પોતાની સાવજ જેવી પણ ભોલી કુમલી ઉપર ચીડાઈ રહેલો હતો પણ " પેટ ફાડું પાટો ક્યાં બાંધું? તેમ તેને થયું. શીરીનની મરજી અને તેની માયની શલાહ એટલે કુમલાકાકા મોં, વકાસીને બેસી રહ્યા. કુમલી તો હવે લગનનો દિવસ ચોકસ કરીને સઘલો સરનજામ તયાર કરવા લાગી. ત્યારે આજારી પડેલા કુમલાકાકાના મનમાં આવ્યુ કે" રાંડ, બધુ સત્યાનાશ વાલી નાંખસે. બનીઊં તે નહી બન્યું થવાનું નથી અને આપણો ગુસ્સો આપણને નડશે માટે હવે તો એ વેર ધીમે ધીમે લઈશું પણ હાલ તો તેમાં હસી બોલીને ભાગ લેવો. પાછળ આ સર્વ ખરચ એ હરામખોર શ્યાવક્ષ પાસેથીજ પાછો લઈ શકાસે. "દસ હજારની રીત!" મારા બાવારે? ગામમાં છોકરાના દુકાલ પડેલા હોસે! રાંડી આંખોએ વાળેલો ધાણ માટીડાઓને ભારે પડછે. વારૂ જોઈશું." એમ વિચારીને આસ્તે આસ્તે ઉઠવા લાગ્યો અને પોતે જાતે લગનના કામમાં સામેલ થઈને કુમલાને ઉપર ઉપરથી રાજી રાખવા પણ અંદર ખાંનેથી પોતાનું કામ કરવા લાગો. લગનમાં કપડાં વગેરે ઉડાઉ ખરચ માટે તે ગુસ્સો છોડીને કામ કરવા લાગો તો કંઈ ફાયદો થયો. હીરા, મોતી, અને સોનાના મોહોટા દાગીના બનાવવાની મજૂરીમાંથી તે મોકલો થયો અને ઘટતી રીતે જે સઘલું તૈયાર કરવું.

જોઇતું હતું તે કરાવીને લગનનો દિવસ નજીક આવતાં કામાબાગમાં લગન કરવાનો વિચાર કીધો.

બીજી તરફ સ્યાવક્ષે મી૰ કુમલાકાકાને ચીઠી લખી હતી કે મુંબઇમાં પોતાને માટે એક કુશાદે બંગલો ભાડે લેવો. કુમલાકાકાથી તેમ કરવાને ના પાડી શકાઇ નહીં અને ગીરગામમાં રૂપીઆ ૫૦ ને ભાડે બંગલો બધ રાખ્યો તેમાં સ્યાવક્ષ આવી ઉતર્યો. હવે તેણે ફેશનની ફીસીયારી કરવા માંડી. કુમલાકાકા પાસેથી પોતાના ખાનગી ખરચ માટે રૂપીયા બે હજાર લીધા, વલી જમણ, વાજંત્રાંઓ, નાચ પારટી વગેરેનો ખરચ કરવાને મી૰ કુમલાકાકાને સોંપવામાં આવ્યું કેમકે સ્યાવક્ષની રોકડ રકમના તગરટી તેવણ હતા અને તેના બાવાના મરતી વખતના છેલ્લાં વીલની સરત મુજબ એ કામ પાર પાડવાની ફરજ તેમનીજ હતી એટલે કુમલાકાકાનો ઉપાય નહી. પોતાને તાંહાંનું જમણ અને સ્યાવક્ષના મિત્ર મંડલ સર્વેને સાથે જમાડવાની ગોઠવણ કરીને સ્યાવક્ષની દોલતમાંથી હુકમ પરમાણે છુટથી ખરચ કરવા લાગા.

સ્યાવક્ષે પોતાને માટે બશો રૂપીયાનું ગરમ ઊંચા પ્રકારનું કાપડ એક અંગ્રેજ કંપનીમાંથી લીધું અને તેની શીલાઇ રૂપીયા ચારસો આપી. શીરીન માટે પોશકો કરાવ્યા તેના ફેનસી કાપડના રૂપીઆ સો, પણ સીલાઇ રૂપીયા સાડી ત્રણસો અંગ્રેજ ટેલરને ચુકવીઆ અને તે ઉપરાંત હીરા મોતીવાલા અને બુટ, શુશવાલાઓની પણ સારી બુખ બાગી. એ મુજબ લગભગ ત્રણેક હજાર રૂપીયા તેમાં ઉડાવીને લગનને આગલે દિવશે નાચ પારટી કરવાનો ઠરાવ કર્યો. મુંબઇમાં પણ ફીશીયારી કરવામાં બાકી રાખી નહીં. નોતરાં ફેરવવામાં તેના મિત્રોએ ખામી રાખી નહીં તો સ્યાવક્ષે ખરચ કરવામાં કસી બાકી રાખી નહી. નાચ પારટી કર્યા બાદ, એક મશહુર નાટક મંડલી પાસે

ખાસ ખેલ કરાવાની ગોઠવણ થઇ અને તે લગનને દિવસે, નવ વાગા પછી બે કલાકમાં પુરો થાય તેવો નહાનો ફારસ કરાવવો એવું નક્કી કીધું. તે ખેલ એક પ્રખીઆત લખનારની જાણીતી કલમથી લખાયલો રસીલાં ગાયણો, અને હસતાં હસતાં પેટ દુઃખી આવે તેવી મનોરંજક બાબતનો પસંદ કર્યો જે માટે એક ખાસ જગા થીયેટર તરીકે રોકવામાં આવી.

આજ દિવશે ખાસા લગનની ધામ ધુમ હતી. સવારથી લોકો-ની ધમાલ કામા બાગમાં ચાલુ હતી. વાજાંવાલા અને વિક્ટોરીયા વાળાનો ધડ ધડાત કાનને લગારે ધીરજ આપતો ન હતો. બપોરે ખાણું લીધા પછી પાછલા પોહોરે લગનની તૈયારી કરવા પેહેલાં સામ સામી બાજુએ વેવાઇઓને ત્યાં આપ, લે થઇ અને સાંજ પડતાં આશિરવાદ પણ દેવાઇ ચુકા. કુમલાકાકા શ્યાવક્ષની ચાલચલણ જોઇને હેરત થયા અને પોતાની ગાય ગરીબ જેવી છોકરીને ખાડામાં ઉતારનાર તેની માંયને હજારો હજાર ગાળો દેવા લાગ્યા. આખરે પરણી ઉઠયાં. લગનના પવિત્ર કોલકરાર પુરા થયા અને લોકો હલી મલીને જમવા બેઠાં. ત્યાર બાદ નાટક શરૂ થયો. શ્યાવક્ષ અને શીરીનને મોટું માન મળ્યું. હુરરેના અવાજો વચ્ચે નાટક ખલાસ થયો અને મેલાવડા વીસરજન થતાં ફેશનેબલ જોડું પોતાના મુકામપર ચાલી ગયું.

આ રીતે લગનનો લાલ વાવટો મુકીને આગલ પાછલનો વિચાર કર્યા સિવાય ફેશનની ફીસીયારીનો સરદાર શ્યાવક્ષ, આંધલો બન્યો. ભણવું ગણવું છોડી દીધું. ઉડાઉ વિચારની શીરીને તેને ભડકાવ્યો અને અંતે તે બાપના નામને કલંક લગાડવાનો ઉપાય કરવા લાગો.

પ્રકરણ ૬ ઠું.

રીતની ભીખ પાછી મેલવવાનો અખતરો.

શ્યાવક્ષ લગન કરીને હવે મોજ મજામાં પડયો. પુનાના પાંચ હજાર અને કુમલાકાકાના બે હજાર માત્ર ફીરોઆરીમાંજ ઉડાવી દીધા અને હજુ પાવરીનો બાધા ખરચનો આંકડો, હોટલનું બીલ અને આઈસ્ક્રીમવાલાના પૈસા તો બાકી રહ્યા. કુમલાકાકાએ તે ચુકાવવાની ગોઠવણ કીધી.

કુમલાકાકાને દસ હજાર રીતના આપવા ઉપરાંત બે હજારનો બીજો ખરચ કરવો પડયો એટલુંજ નહીં પણ પોતાની નિરદોષ દીકરીને ખાડામાં ઉતરેલી જોઇને જે દુઃખ ઉપજ થયું તે દુઃખે તેની આવી પડેલી માંદગીમાં વધારો થયો, તેથી લગનમાં જે રીતની ભીખ આપી હતી તે પાછી મેલવવાના ઠગપર આવ્યો.

કુમલાકાકા એક રીતે દાનતદાર હતા, તોપણ વેર લેવામાં ઘણા કુશલ હતા. માતર આ વેર લેવાની મતલબ બીજી કાંઈ ન હતી પણ દસ હજાર જેવી રીત અને તે રીતની ભીખ લેનારની દગાબાજીનો બદલો હતો. કુમલાકાકાને એક વકીલ દાખલ આ કામ બજાવતાં પોતાની મહેનતનો બદલો લેવો હતો એટલે તેણે કેટલીક ખટપટ ઉભી કરીને શ્યાવક્ષને ચીગવાનો ઉપાય કીધો હતો.

લગન પછી પોતે હીસાબ ચુકાવીને આંકડો કર્યો, તેમાં પોતાની તરફથી થએલો ખરચ પણ શ્યાવક્ષના નામે ઉધાર્યો. જ્યારે શરમજ છોડી તો પછી ચીરવામાં બાકી મુકવી એ કુમલાકાકાને યોગ્ય લાગ્યુ નહીં. એ તો જેમ "નકટાને નહીં નાક, લાજ નિર્લજ નવ રાખે" તેમ કરવા માંડયું પણ દસ હજાર જેવી રકમનો બદલો કેમ લેવો તે વીશે વિચારમાં પડયો.

પેસ્તનશા પ્લીડરના વિશ્વાશુ દોસ્ત કુમલાકાકાએ એક તરસટી દાખલ તેના વહીવટનો બંદોબસત લગભગ દસ વરસ રાખ્યો પણ તેનો હીસાબ ચોખ્ખી રીતે શ્યાવક્ષને દરશાવ્યો ન હતો, એટલાં નશીબ સારાં હતાં. અગર જો કુમલા કાકાએ આગલો હીશાબ બતાવી દેવાની નાદાની કરી હતે તો આ વખતે રોકડ રકમના તરસટી સાહેબને પોતાનો બદલો લેવો બહુ મુશકેલ થઈ પડતે.

હવે મી૰ કુમલાકાકાએ તેનો આગલો હીસાબ રજુ કરવા માંડ્યો અને પોતાના નામુ ગણનાર મહેતાને પાસે બેસાડીને પુનાના માતબર મેહેલની ઉપજ અને ખરચનો હીસાબ લખાવા માંડયો, તેમાં લગભગ દસ હજારની ખોટ કરી દીધી. કેટલાક ભાડાં ઉગાપત કીધાં, કેટલાક ખરચ વધારી દીધો અને કેટલાક શેરોનાં ડીવીડનડો નાબુદ કર્યાં એટલે તેનો બદલો વલી ગણતાં પણ કંઈક વધુ રકમ થઈ. હવે તે હીસાબ પોતે નિંદોષપણે ચલાવતો છે એ સાબીત કરવા અને પોતાની છોકરી તેને બીન સ્વાર્થે આપી છે એમ જણાવવા તથા પોતાનો હક્કદાર વારસ કરવાની તેની મરજી છે એમ દેખાડવા તેણે બે સારા પારસી ગૃહસ્થ, અને બે ન્યુસ પેપરવાલા સાહેબોને બોલાવીને તથા એક પારસી જાણીતા બારીસ્ટર સાહેબની હજુરમાં મી૰ શ્યાવક્ષા શેઠને પચાસ હજારની દોલતમાંથી સાડા બાર હજારની રકમ સોંપી જેમાં પરાગીશરી નોટ ટકા ચારની કે જે હાલ ટકા સાડા ત્રણમાં બદલાતી હતી તે સને ૧૮૬૫ ની સાલની ત્રણ માસનાં ચડેલા વ્યાજ સાથની રૂપીયા છ હજારની અને ચાલુ બજાર ભાવ પરમાણે રૂપીયા સાડા છ હજારના ત્રણ કંપનીના શેરો મલી રૂપીયા સાડા બાર હજાર આપી દીધા અને સાક્ષી સાથે ફારગતી લઈને બીજે દિવસે ન્યુસપેપરમાં પણ છપાઈ ગયું જેથી કુમલાકાકા પોતાની માં-

દગીની હૅાબકમાંથી મોકલા થયા અને શ્યાવક્ષને બધી મલીને રૂપીઆ સાડી બાવીશ હજારની રોકડ તથા અઢો હજારના શીરીનના દાગીના સાથે પુને રવાના કર્યાં.

પ્રકરણ ૭ મું.

ગરીબાઈ અને તવંગરી.

શ્યાવક્ષ, શીરીનને લઇને પુને આવ્યો. એ નાદાન છોકરે કુમલાકાકાના ભરૂશાપર શાડી બાવીશ હજાર રૂપીયા લેઇ જરાપણ તપાસ કીધી નહી કે અસલ રકમ શું હતી? દસ હજારની ભીખમાંજ તે અંજાઈ ગયો, એટલુંજ નહીં પણ લાખો રૂપીયા ખરચતાં ન મળે તેવી મીઠા સાદની મનોહર શીરીનને પરણી લાવવામાં તે એક પરસ્તાનની પરી જીતી આવેલો હોય તેમ માનતો હતો. પુનામાં આવ્યા પછી પોતાનુ દસ હજારનું કરજ ફીટાડી દીધું. શીરીને હીસાબ રાખવા માંડયો અને જોકે કરકસારથી કામ ચલાવવા માંડયું પણ તે કરકસાર બીજા કેશાપર અસર કરી શકી નહીં. માત્ર માતબર મહેલ કે જેનો અરધો ભાગ શ્યાવક્ષ વાપરતો હતો તે એક બાજુનો પા ભાગ વાપરવા રાખીને મહીને દીવસે બસો રૂપીયાનું ભાડું આવે તેટલો ભાગ ભાડે આપી દીધો, તોપણ તેનો ખરચ બેફિકરથી ચાલવા લાગો. હજુ તેઓ પુનામાં દાખલ થયાં નહીં તેટલામાં તેના ભાઈએ પોતાનાં હકની બાબતમાં તકરાર કરવા માંડી. ગરીબ હાલતના એદલે તેના ઉડાઉ ભાઈને સમજાવીને કહ્યું કે "બચ્ચાં ભુખ્યાં રવડે છે માટે બાવાજીના વીલની સરત પરમાણે ચાર હજાર રૂપીયા નહીં પણ પાનસો તો આપ" પણ શ્યાવક્ષ તેની સામે

જુવે શા માટે? તેણે એક વખત વાયદો કર્યો, બીજી વખત એદલ આવ્યો. તે વખતે કામનું બહાનુ કહાડયું અને ત્રીજી વખત તેને હડધૂત કર્યો. ગરીબ, બિચારો એદલ લાચાર હતો. તેની પાસે કંઈ ન હતું. ફકત પુનામાં જી. આઇ. પી. રેલવેના કારખાનામાં ફીટરનું કામ કરીને પચીસ રૂપીયા કમાતો હતો, તેમાં ચાર બચ્ચાંને બે જણ પોતે મલી છ જણનું રડી કુટીને ગુજરાન ચલાવતો હતો, અને શાવક્ષનાં લગનની વાત જોઈ તે બેઠો હતો કેમકે કેટલાક માગનારાઓને પણ તે બિચારાએ આ વખતનો વાયદો કર્યો હતો પણ કમનશીબ એદલ પોતાની ઉમેદમાં નાઉમેદ નીવડયો હતો.

એદલ ગરીબ ખવાસનો હોવાથી તેની બૈરીને લીધે તેના બાપથી જુદો પડીને પોતાનો ખરો હક્ક ગુમાવી દેવો પડયો હતો અને આખરે આ હાલતે પુગો હતો. હવે તેને ખચીત ઘણું લાગતું હતું. નશીબ જોગે ચાકરીપર પાણી ફર્યું. બચ્ચાં રવડવા લાગાં. બાઇજી શાવક્ષા, પોતાની મગરૂર મહોરદારને લઇને મામલેશ્વર ચાલી ગયા અને તેઓ આવે ત્હાંસુધી ઉછી પાછીનું લઇને ચલાવ્યું પણ તે કેટલા દહાડા નીભે? આખરે બે દિવસના અપવાસે, શ્યાવક્ષને પુનામાં આવેલો જોઇ પોતાનાં ગરીબ બચ્ચાંને સાથે લઇને તેની પાસે ગયો, એવી મકસદથી કે તેઓના ચેહેરા અને હાલત જોઇને કંઇ દયા લાવી આપે. પણ ખરેખર—

"ભાગ્ય હીણ જળથળ ભમે—અગર ગગન પાતાળ—
ઘર ઉઠયાં વનમાં જતાં, ત્યાં પણ અગ્નિ ઝાળ."

તેવી રીતે થયું પણ હિમત રાખીને એદલ તેના બંગલામાં ગયો અને જ્યાં શ્યાવક્ષ પોતાની મહોરદારને લઇને બગીચામાં બેઠો હતો ત્યાં ગરીબ અને ભુખથી પીડાતાં બચ્ચાંને લઇને તેની પાસે આવી બો-

ઇયો. "ભાઇ? ખોદાએ તને આજે સારો દીવસ આપેલો છે તો તારે મારી દયા આવી જોઇએ. હમે લાચાર છઇએ."

"લાચાર શાનાં કહેવાય? શું આંધળાં પાંગળાં કે લુલાં લં-ગડાં છો? કમાવો, ને ખાઓ!" ટચાકશીરીને તવંગરીનો દાવો કીધો, અને બેશરમ બની જેઠની શરમ ન રાખતાં હડધુત કરી કહાડ-વાને મગરૂર બની.

"નાજી, તેમ નથી. કમનસીબે નોકરીપણ જતી રહી છે" એદલે ગરીબાઇથી ધીમે સાદે કહ્યું.

"આળસાઇનું મુખ્ય કારણ ગરીબી છે અને નોકરીની બરત-રફીનું કારણ ખોટી દાનત છે. જાઓ હરસ્તે ભીખ માગો" શ્યા-વક્ષે જવાબ દીધો.

"બાપુ તારીજ પાસે ભીખ માગુંછ. બીજાની પાસે ભીખ મા-ગવા જતાં તારા નામને ખરાબ લાગસે. જો કંઇ સમજ! મને આપ. જાણે ભીખજ આપી સમજીશ."

"એવું એવું બોલીને પૈસા ચીરવાની કેવી તજવીજ કરેછ! શ્યાવક્ષ તમારા ભાઇને કહેતાં તમને શરમ લાગતી હોસે. લાવ હુંજ કહું. એઓ આવેલા છે તેને તમે શું કરવા માગોછો? તેઓ તમારી પા-સેથી કરજ લેવા આવેલા છે, બોલોની? સાંભળ્યા શાના કરોચ?" શીરીને ગુસ્સામાં ને ટહોરમાં કહ્યું.

"કરજ શાનુ? બાપની શરત મુજબ તેઓ ચાલેલાં નથી, એ-ટલે તેનો દાવો મારા ઉપર લાગુ પડતો નથી."

"શ્યાવક્ષ, શ્યાવક્ષ, આ શું બકેછ? મારો હક ઉડી ગયો? અ-ફશોષ!" એદલ એકદમ નિરાશ થઇ ગયો. તેની છાતીમાંથી લોહીનો વરસાદ વરસ્યો, તેની આંખે અંધારાં આવ્યાં. જમાનાના ફેરફારે પો-

તાના ભાઈનો બદલાયલો ખ્વાસ તેને વિચિત્ર લાગ્યો. બે પગની બીલાડીનાં કારસ્તાનથી તેને સખ્ત જખમ લાગો.

"અલબત તારો હક મારી પાસે છેજ નહીં. જો કરજ દાખલ આવ્યો હોય તો ચાલતી પકડ."

"અગર ભીખ માગવા આવ્યો હોઉં તો?"

"તોપણ હમારી ખુશી હશે તો આપોશું. હાલ તુરત કંટાળો ન આપો" શીરીને ઉડાઉ મીજાજે જવાબ આપ્યો.

"શીરીનબાઈ? એટલું બધુ તમુને છાજી જવું શરમ ભરેલું છે, કેમકે તમારે હગો ભાઈઓની તકરારમાં વચ્ચે પડવું મુનાસબ નથી." એદલે ગુસ્માગી કહ્યું. "કેમ, શ્યાવક્ષ? બાપીકું લોહી એકદમ બાઈ દીધું? નવી જીંદગીમાં આગલી હાલત વીસરી ગયો! જો જરા મારી સામું જો. એકદમ તવંગરીમાં ગરીબાઈ પરથી નજર દુર ના કર. ચહડતી પડતી સરવેની છે."

"જોયું કેની શ્યાવક્ષ? તમુનેબી એવણની પોતાની હાલતમાં જોવા માગેછ? હા, હા, હા. પેલી કહેતી છે કે "આવ ભાઈ હરખા, કે આપણે એક સરખા." શીરીને મશકરી કરી.

ભાઇ? તું હવે નાહક સતાવેછ. હું તને કંઇ આપવાનો નથી. તું ભીખ માંગતો હોયે તો તેને હું ઉતેજન આપી શકતો નથી કેમકે તમે અપંગ નથી." શ્યાવક્ષે મગરૂરીથી પોતાના મોટાભાઇને જવાબ દીધો.

"ઠીક છે. તું ખુશી થા. મારા સરખા ગરીબનો હક્ક ડુબાવીને તમે શુંખી થજો. બસ?" એદલે કકલતી આંતરડીએ કહ્યું.

"વારૂં વારૂં જાઓ. મોનુ કાઇ કરો." શીરીને ક્રોધ કરીને કહ્યું.

"શીરીન! તમને કહુંછ કે તમારે વચ્ચે ન બોલવું. મારો ભાઈ છે ને હું છું" એદલ ગુસ્સે થયો.

"હા, હા. શીરીન તે હુંજ અને હું તેજ શીરીન. હવે શું કેવોછ?" શ્યાવક્ષ મીજાજ કરી બોલ્યો.

"તો આ ચાલ્યો. તારા પસાપર પુરો. જા ચંડાળ! મારા હકના પેસા ડુબાવવા તૈયાર થયોછ તે તું મદદ શું કરશે. ધુલ પડી તારી જીંદગી પર. ભાઇને ભુલી જાયચ? તવંગરીમાં છકી જાયચ? એ દીવસની દીવાનીમાં લટી જાયચ? શરમ છે! લ્યાનત છે!"

"ખરૂં છે, આજ કાલ તો સ્વાર્થની દુનીયાં છે. હમણાં એ-વણના કપાલમાં એ પૈસાનો ડાહાગ દેએ તો ભાઇને સારૂં કહે." શીરીન વચ્ચે બોલી.

"તમારો ડાહામ તમારેજ કપાલે ચોંટશે. ખુદાય, હમારાં ગરીબની કકલતી આંતરડીની હાય દેખાડશે. આ ભુખથી રીબાતાં ને રવડતાં ગરીબ બચ્ચાંની હાય માગતી આતરડીની કદુવા તમારા શુખવારી સરપર લાગશે." એદલ પોતાના નિર્દોષ બાલકને લેઇ ચાલતી પકડવાની પેરવી કરવા લાગ્યો.

"એમ તારા કુતરાના ભસવાથી શું થવાનું છે? રામસીંગ? નીકાલો એ લોકો કું." શીરીને રામસીંગને હુકમ કીધો.

"હાજર સાબ, હુકુમ?" એદલને જાઇને, "કયા? એ તુંમેરા ભાઇ કું?"

"હા. રામસીંગ હું મારો હક લેવા આવ્યોછ તેમાં હડધુત કરેછ" એદલ બોલ્યો.

"શરમકી બાત હય, શેઠ? ઉસકા હક દેના ચાહીએ." રામ-સીંગે દયા બાધી.

"તુમેરેકુ કયા? હુકમ ઉઠાવો" શ્યાવક્ષે કહ્યું.

"આસાબેફરમાન હમશે ઉઠા નહીં જાવેગા. કયા ગરીબકી હાય સનાં તવંગરકો સજાવાર હય? અફસોસ! કયા ઉસકી ગરીબી હોને સીએ

ઉસ્કો મદદ નહીં દેનાં. ઓ તુમેરા ભાઈ હય? લેઓ શેઠ, મેરા આજ પગાર હુવા હય. મેં દેતા હું. લે જાઓ." રામશીંગ પૈસા આપેછે.

"ખબરદાર, જાઓ ગમશીંગ, તુંમણી રજા પકડો. તું કોનસા શરાફ?" શ્યાવક્ષે ધક્કો માર્યો.

"શરમ રખો? તુમેરે જયસે શેઠકી નોકરી નહીં મીલી, સો હમ ભુખે મરેગાં! શરાફી નહીં મીલી તો ભીખ મંગેગા. મગર ગરીબકો અલબત મદદ કરેગાં. તુમેરી નોકરીકી દરકાર નહીં હય. દેનેવાલા કીરતાર, સરજનાર હય. તુંમ ક્યા કરોગે? ભાઈકા બાપ નહીં જણ હમેરા ક્યા ભાઈ હય? થું હય એ નોકરી પર!" રામશીંગ ચાલી જાયછે.

"શરમ છે, એ બદામના નોકરનો પણ ધીક્કાર લેનાર ભાઈ! રાંડીયાં બુદ્ધિમાં પસ્તાશે. હેરાન થશે, હમોને તો પરવરદેગાર દેનાર છે પણ યાદ રાખજે આ બે ઘડીની તવંગરી બેરી રહેવાની નથી." એમ કહીને એદલે ચાલતી પકડી, અને સ્યાવક્ષને તથા શીરીનને તેની બીલકુલ અસર થઇ નહીં.

પ્રકરણ ૮ મું.

તરકટીઆ દોસતો એવાજ જોઇએ.

શ્યાવક્ષ, હવે શું શુંખી જીંદગી ગુજારતો હતો? તે પોતાના ઉડાઉપણામાં ક્યારા રાખતો ન હતો. નવી નવી ચીજો ઓરવ તે તેનો એક સાધારણ ધંધો થઇ પડયો હતો. જ્યારે થાયેટર, આઇસક્રીમ અને કપડાં લત્તામાં દીવસ ગાળવો અસાધારણ ધંધા તરીકે ગણતો હતો અને એમ થવાથી તેની બસોની માસિક આવક જતાં

ખસો બીજા ખરચાતાં હતા. ગાડી ઘોડાના ખરચ, બે માણસ, એક શીપાઈ, અને આયા, બબરચી ઉપરાંત એક મસાલજીનો ખરચ કંઈ થોડો ન હતો. એ સર્વે કદી મુગે મોહોડે બેસીને ખાતો હતે તો પોસાતે, પણ તેનાથી મુગે બેસી રેહેવાયું નહી. તેને મેહેનત કરી ધંધો કરતાં કંટાળો આવ્યો. ભણવું છોડી દીધું, તેમ નોકરી કરવી પસંદ પડી નહી માટે આખરે તેણે કંઈ વેપારપર લક્ષ દીધું. પણ કયો વેપાર કરવો તે વિચારમાં ને વિચારમાં તેને વધુ કરજ થતું ગયું, એ કરજમાં તેણે બાકી રેહેલી સાડા બાર હજારની રકમ ગુમાવી. તેમાં અરધાં નાણાં મારવાડીઓ ખાઈ ગયા અને બાકીના પૈસા તેના જાની દોસત કે જે નિમકહરામ કૃતઘ્ન હતા તેઓ ખાઈ ગયા. આખર શીરીને હઠ પકડી ને મુંબાઈ રેહેવા જણાવ્યું અને અંતે હારખાઈ લાચાર થયલો શ્યાવક્ષ માતબર મોહોલ ત્રણસો રૂપીયાને ભાડે આપીને મુંબાઈ આવ્યો અને તેની દેખરેખ દાખલ એક તેના તરફદીયા દોસતને પગારે રાખ્યો.

આ બદમાશની દોસતીનું પરિણામ એ આવ્યું કે શ્યાવક્ષ ફસી પડયો. એ દોસ્તે સટ્ટો કર્યો અને તેમાં તેને દસ હજારની ખોટ જવાથી હવે તે મારવાડીઓનું દેવું કરીને મુંબાઇ નાસી આવ્યો અને શ્યાવક્ષને જણાવ્યું કે તે પોતે હવા ફેરફાર કરવા મુંબાઇ આવેલો છે. શ્યાવક્ષે ખરૂં માન્યું ને તેને પોતાને બંગલેજ રાખ્યો. હવે કુમલાકાકા તદન બુઢા થયા હતા તોપણ તેનો કંજુશ ખવાસ બુઢો થયો ન હતો. તેવણ પોતાની અસલી જીંદગી ગુજારતા હતા ને પોતાની ગરીબ દીકરીની દયા ખાઈને તેને માટે દલગીર થયા કરતા હતા. શીરીન મુંબઈમાં આવી એ કુમલાકાકાને વધારે પસંદ પડતું હતું, ને તેથી શીરીન પણ માબાપની દેખરેખથી શરમ રાખીને હદમાં રહી હતી અને પુનામાં તદન ઉડાઉ થઈ ફરતી હતી તેમ ન હતું.

શ્યાવક્ષના દોસ્તપર હવે લેણદારોની નોટીસ આવવા લાગી ત્યારે તેણે શ્યાવક્ષને સટ્ટાના લખ્ખમાં ઉતાર્યો. તેમાં ખરો નફો હોવા છતાં તે બદમાસ દોસ્તે દસ હજારની ખોટ બતાવી પણ તે બતાવીને બેસી રહ્યા નહીં. તેણે એક શેર બજારના વાણીયા દલાલને ઉભો કરીને શ્યાવક્ષ પાસે તારીફ કરાવી. શ્યાવક્ષ કને પૈસા તો હતાજ નહીં એટલે તેનો પુનાનો માતબર મેહેલ મારગેજ મુકવાની ગોઠવણ કીધી અને આખરે તેની પર વીસ હજાર કહગાવ્યા. તેમાંથી દસ હજાર તેના દોસ્તને પોતાનાં કરજ ચુકાવા દાખલ આપ્યા અને તે દોસ્તે પોતાના લેણદારને ભરી પોતાના કરજમાંથી છુટો થઇ પાછો મુંબઈમાં જાયુક રહેવાનો ઠરાવ કીધો. તેણે ધોબીતલાવ આગલ એક ઘરનો માલ ભાડે રાખ્યો અને શ્યાવક્ષાની દોસ્તીમાં તેણે પોતાનો નિભાવ ચલાવ્યો.

શ્યાવક્ષને હવે સટ્ટાનો છંદ લાગ્યો. તેણે પ્રથમ પંદર હજાર રુપિયા પેદા કર્યા એટલે અસલ વીસ હજારનું મારગેજ પાછું ખેંચી લીધું અને હડકાયલાં કુતરાંની પેરે હડખું લાગાથી એ ધંધામાં પડયો. તરકટીયા દોસ્તે તેને ફસાવ્યો ને બે માસમાં બોહોતેર હજારના ખાડામાં તેને ઉતારી દીધો. શેર બજાર મંદ થઇ ગયું અને કરેલો સટ્ટો તદન બેસી ગયો. જોકે તેમાં ખરી ખોટ પચાસ હજારની હતી પણ તરકટીયા દોસ્તે બાવીસ હજારનો ઉમેરો કરીને બોહોતેર હજારનું મહોટું કરજ તેના માથાપર લટકાવી દીધું હતું. હવે એ કરજ છુપી રીતે ફીટાડવું જોઇએ કેમકે કુમલાકાકાની મોહટી બીક હતી, જે બીક ફુજેતીનું ન ધારેલું રુપ પકડે એમ હતું. "ચોરનુ મોઢુ કોઠીમા" એ કહેવત મુજબ શ્યાવક્ષે તેના દોસ્ત મારફત માતબર મેહેલ ઉપર એક જાણીતા પારસી ગ્રહસ્થ પાસેથી પોણો લાખ રૂપીયા લઇને લાખ રૂપીયાનું મારગેજ ખત કરી આપ્યું. તે તરકટીયા, ઉડાઉ અને બદમાસ દોસ્તની બેવફાઇથી તેણે પોણા લાખ રૂપીયાનું થએલું કરજ

ફીટાડયું હતું પણ આગળ જતાં એ કરજની ખરી હકીકત જાહેરમાં આવી હતી. તરકટીયા દોસ્તનું તરકટ ખરૂં પડયું હતું ને કુમળાકાકાને ખબર થતાં આખા મુંબઇ શેહેરમાં તેની ફજેતી કરવામાં બાકી રાખી ન હતી. શેવટે એ માતબર મેહેલ એંસી હજાર રૂપીએ વેચાયો. વ્યાજ સાથે નાંણાં ભરીને સરવે દેવું ચુકવી દર મહિનાનો ત્રણસો રૂપીયાનો શ્યાવક્ષનો ખરચ કુમળાકાકાએ કમતી કરાવ્યો ને પચીશ રૂપીયાના ભાડાના ઘરમાં ગણીને સો રૂપીયાના ખરચપર લાવી મુકયું. શ્યાવક્ષને બહુ લાગ્યું પણ લાચાર! ઉડાઉ મગજના પોરીયાએ બીલકુલ તપાસ ન ગણી લાખોની દોલત સટ્ટામાં, ફેશનની ફીસીયાગીમાં અને ગીતની બીબના ઉપજતી કાઢેલા વેગના બદલામાં ફના કીધી, તોપણ પોતાનો ઉડાઉ ખરચ ચાલુજ રાખ્યો. થીએટરમાં જવાનો શોખ, કપડાં ખરીદવાનો ઉમંગ અને ખાવા પીવા તથા ફરવા હરવાના બુરા સંગથી તે વધુ કરજમાં ગીગતો ગયો અને હજુરપણ તેના બદમાશ અને નાદાન દોસ્તથી વધુ ખુવાર થતો ચાલ્યો. ખરેખર તે જાતેજ તેવા ખવાસનો હતો એટલે તેના દોસ્તનો શું વાંક? ખચીત એવા માણસને તો તેવાજ તરકટીઆ દોસ્ત જોઇએ.

પ્રકરણ ૯ મું.

સ્વાર્થનાં સગાં

અથવા

બૈરી પરણો તો એવીજ પરણજો, બા!

શ્યાવક્ષને નાદાર કરવામાં મુળ શીરીનનોજ વાંક હતો, અને શીરીનને ઉડાઉ કરવામાં શ્યાવક્ષના દોષ ઉપરાંત કુમળીકાકી વધારે ગુ-

નેહગાર હતી. શ્યાવક્ષ હજુ તુંડ મિજાજનો હતો. તેને ઠોકરો લાગી તોબી તે ઉડાઉપણાનો લખ ઓછો કરવાને બદલે વધારતો જતો હતો. ઘરમાં હવે બહુ તંગી પડવા લાગી. મોદીનો આંકડો, ગાંધીનું બીલ, કપડાં ને આઇસક્રીમવાલાની ઉઘરાણી તો ચાલુજ હતી, તોબી નવું નવું હોરતાં અચકાતો ન હતો. છેવટે તેણે પોતાનું નખોદ પોતેજ વાલ્યું હતું. આવી તંગ હાલતમાં તે મોહોટા સટ્ટા કરતો હતો. શીરીનથી છુપું રાખવાને લીધે તે ઘરમાં કંઇ પણ કહેતો ન હતો તેથી શીરીન અસલ મુજબ પોતાનો ઉડાઉ ખરચ ચાલુ રાખતી હતી. હવે તેના પર એક ઘણીએ ફરિઆદી માંડી એટલે તે પતાવવાને પૈસા તો હતાજ નહીં અને મુંબઇમાં કોઇ સગું વહાલું પણ ન હતું. સ્વાર્થનાં સગાં અને મતલબીયા મિત્રો તેનુ ખાઇને આજે ધનવાન બન્યા હતા. આજે તેઓજ એણે હુડતૂત કરતા હતા. તેનો ભાઇ એદલ, જેને એ છયેલ બેડાંએ ધિક્કારી કહાડયો હતો તેણે યાનતદારીથી ધંધો કરતાં આજે તે સુખી હાલતમાં હતો. જો તેની પાસે શ્યાવક્ષ ગયો હતે તો અલબત એ ભલા ખવાસનો ભાઇ, શ્યાવક્ષની બેઅદબી માફ કરીને તેને કંઇક મદદ કરતે, પણ તે નાદાન તેની પાસે ગયો નહીં અને બીજાં સગાંએ મદદ કરી નહીં. મારવાડીઓ પણ હવે તેનાથી ડરવા લાગા કેમકે ફલ પાન વગરના ઝાડ ઉપર કયું પંખી બેસે! આખરે શ્યાવક્ષે પોતાની ધણીયાણી શીરીન પાસે તેના ફરાનેના દાગીનાની માગણી કીધી પણ પડતી દશામાં તો છકેલી બૈરી પણ બદમાશ નીવડી. તેણી બોલી "શું તમુને આપીને પછી મારે ભીખ માગવી કે? સટ્ટા કરવાનું કોણે કહ્યું હતું જે? જાઓ, તમારે ગમે તેમ કરો, હું કઇ આપવાની નથી."

"પણ આ સટ્ટાના પૈસા કાંહા છે! એ તો તારાં કપડાં ચપડાના

પૈશા છે ને મારી પાસે આવશે, ત્યારે હું તને બીજા નવા દાગીના કરાવી આપશ. હાલતો આપ?"

"એ કંઈ અપાય નહીં "ખાવા મરેગા જબ બેલ ખાતુંગા" આવશે તારે આપવશો, એ કોણે જોયુંછ? સટોડીયાનો વિસવાસ કેવો?"

"મારો વિશવાસ નહીં? મારી આવી હાલતમાં તું પણ ખરી જાયછ? કંઈ દયા નથી આવતી? મને દુઃખી જોઈને તારું દીલ બી-લકુલ દાઝતું નથી?

"શાનું દાઝે? ધંધામાં ખોટ જાય તો તેવો ધંધો કરીએ શું કામ! મારા બાવાજીએ કહ્યું તેમ ગાળ્યા કેમ નહીં? તમારો મિજાજ તમનેજ નડેછ! હું કાંઈ આપવાની નથી. જીંદગીના બારોસા નહીં. કાલ ઉઠીને કંઈ થયું તો પછી હું કાંહાં ભીખ માગવા જાઉં? ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે."

"વાહવા! આ બૈરી થતીનાં લક્ષણ કે? ખરેખર, તારા જેવી બૈરી શુકનિ લાકડી ધણીને બગાડે ખરી!"

"તો બીજીને પરણોને! હવે સમજ્યા. તેમાં શું? પરણ્યા તાહરે તો કેવી મીઠી મીઠી વાતો કરતા હતા અને આજે હવે રડાવવા બેઠાછ શું? વાહવા."

"પણ દાગીના તો મેં કરાવી આપેલા કેની?"

"તે પર તમારો હક નથી. મેં તો એ દાગીના મારા બાવાને તહાં મુકેલા છે. જોઈએ તો જઈને લઈ આવો."

"તારે રાંડ તું પણ પતરી ગઈ કે? હવે કોણને કેહું, ચાલ કુવો પુરૂં!"

"તમારે ગમે તે કરો. જો તેમ કરો તો પેહેલથી કેહો કે હું મારા બાવાજી ને ચેતાઉં. હું તમારા પાપમાં રવડી કાંય મરૂં? જો વાત સાચાછ તે! કંઈ લાડ કરતા હોસો! વાહવા! કોઈની ગરીબ દીકરીને પરણીને એમજ ફસાવોછ કે."

"ઉલટો ચોર કોટવાલને દંડે! હાયરે બા. અફસોસ! બાઈઓ! બૈરી કરો તો એવીજ કરજો" એવું બકીને ગરીબ બિચારો શ્યાવક્ષ કરજદાર હાલતમાં નાદાર થયો. તે પર ગરીબોના જુલમ થતા તે બેશરમીને શરણ થયો.

પ્રકરણ ૧૦ મું.

ફેશનની ફીશીઆરીપર ચઢાઈ

અથવા

ઉડાઉ લશકરથી હુન્નરનો કિલ્લો સર.

શ્યાવક્ષ હવે તદન નાઆગ થઈ ગયો. સાસરાજીનો કોપ થયો, ભાઈની સાથે વેર કીધું, બૈરી આપસ્વાર્થી મળી અને જાતે જીવનો લેહરી હોવાથી મારવાડીઓના ખાતાપર પણ નાદારીનો ઉડાઉ લખાયો, એટલે કોઈ રીતે તેને મદદ મેળવવાની વકી રહી નહીં. દોસ્તો, ખાઈ પીને દોસ્તી છોડી ગયા અને સગાં વહાલાંઓ તો મદદ આપવાને બદલે મશ્કરી કરવા લાગ્યાં. ગામમાં દેવું થયુંઃ નીકળતનું નખ્ખોદ સાહુકારે વાળીઉં, જ્યારે પોતાનું નખ્ખોદ ફેશનની ફીસીલીઆરીએ વાળીઉં. વધુ કહીએ તો રીતની ભીખપર મરી પડેલા શ્યાવક્ષ હરામની દાનતથી સઘલું ખોયું. હલકા ખવાસની બૈરીના લોભમાં પડીને નાણાંની, આબરૂની, બાપીકા કુળની અને પોતાની હીણસ્યાતી કીધી. આખરે તેની કમબખ્તી બેઠી. શીરીને જાણ્યું કે હવે ઘર પર તાંચ આવશે એટલે પોબારા ગણ્યા અને બાપને ઘેર જઈને બેઠી. અલબત તેણીએ શ્યાવક્ષને હડધુત કર્યો પણ અંદર ખાનેથી તેનું દીલ બળવા લાગ્યું. પરંતુ પોતાના

દાગીના વેચી નાંખીને, શ્યાવક્ષને બચાવવા કરતાં નાદારી કોર્ટનો લાભ લેવરાવવાની ગોઠવણ કરવા લાગી. આ ગોઠવણ વીશે તેની માંય કુમલી કાકીનો વીચાર હશે. પણ કુમલાકાકાને કાને વાત જતાં તેનું લોહી ઉકલી આવ્યું ને કુમલીકાકીને કહેવા લાગા.

"કેમ, કુમલી? તારી આંખ ઉઘડી કે? જમાઈ કરવાની ધાંધલમાં તારી દીકરીનું નખોદ વાલીઉં? હવે છે ઉમેદ ઘર જમાઈ કરવાની? મુઈ રાંડ તું? છોકરીને લાડમાં છકાવી, અને જમાઇને છાપરે ચડાવ્યો, તેના પરિણામમાં થયું એમ કે ગમેતો વાતનો કુવો કે જેલનો રસતો જમાઇને, અથવા રંડાઇને ઘેર બેસવાની દીકરી કે માથે પડીને ખાવાની પોરી"—કુમલીકાકી શું બોલે? પોતાનોજ વાંક હતો, તોપણ કુમલાકાકાના કઠણ બોલોથી ચુપ રહી શકાયું નહી. તે બોલી "તે હું શુ કરૂં? મરૂંરે, એનાં નસીબ લઇ ગયાં તે? દાહગની ચાલ પાધરી નહી મલે તે? પેલો નાગરદાસ જોશીનો છોકરો જીવણરામ જોશી કેહેતો હતો કે ગરેહ મંતરાવો પણ માનીઉં નહીં ને સઘામાં નશીબ અજમાંવીયાં તેમાં મને શાનું કેવોછ? શું પોરીઓ કંઇ ખરાબ છે! ધરેર! એ શું ધુજારો!"

કુમલાકાકા કંઇ બોલીયા વગર ચાલી ગયા. મદદની વાત આલી તાંહાં અખાડા કીધા અને જો કે તેણે ત્રસઠી દાખલ હજમ કરેલા પૈસા ખાસ તેનાજ ઉપયોગમાં વાપરવા, એ પેહેલેથીજ નિશ્ચય કર્યો હતો એટલે તે જાણતો હતો કે "આ ઉડાઉ પોરીઓ બાજે વખત તંગીમાં આવશે" તેથી તેને મદદ કરવા માટેજ અનામત વ્યાજ સાથે રાખેલા હતા પણ એ મદદ એવી સરતે કરવાનો ઠરાવ કીધો હતો, કે તેને સખત સજા કરાવીને તેની ખોડ ભુલાવી દેવી અને તેબી પોતાના કબજામાં રહીને પાધરો ચાલે, તેની એચકી મેરાકી ચાલ,

આઈશકરીમ ને દારૂ ને હોટલોનાં ખાણાં છોડ તોજ. આખરે એવા વખતની આવી લાગો. શ્યાવક્ષ પર ડીકરી થઈ ચુકી અને વારંટ નીકલીયું. ભરાતો છુપાતો શ્યાવક્ષ આખરે પકડાઈ ગયો. તેના દુસમને વર્તમાન પત્રમાં ખબર પણ છપાવી દીધો. અને પુનાના માતબર મેહેલનો ઉમરાવ માલિક આજે ફેશનની પ્રીશીયારીને ખાતર જેલમાં જવાની તૈઆરીના અખર ખુમાતા ઉડવા લાગા.

શીપાઈઓએ તેને એકદમ પકડીને ડુંગરીના કિલ્લામાં બેસાડી દીધો. તેની ખબર બીજે દિવસે તેના ભાઈને પડી. તેનો ભાઈ મદદ કરવા જવાને તૈયાર થયો. આ વાત સમજીને તેનું દયાલુ લોહી ઉકલી આવ્યું. બાપના નામને કલંક લગાડનાર, અને તવંગરીમાં બહેકીને છકી જનાર શ્યાવક્ષપર દયા ન લાવવી જોઈએ તોબી તેના ભાઈને દયા આવી પણ તેની બૈરીએ બે દિવસ થોભવા કહ્યું. મુદત પુરી થાય તે પેહેલાં તેણે ખરેખર પોતાનું નામ ડુબાવ્યું. અને તેની પ્રીશીયારી ધુલમાં મલી ગઈ છે. હાલતો તે હવા ખાતોજ રહ્યોછ.

પ્રકરણ ૧૧ મું.

સુધારાપર કુધારાની ચડાઈ

અથવા

ઘર જમાઈની નવી નવાઇ.

આજ કાલનો સુધારો ઘર ભંગાવવા પર તલાપ મારતો દેખાય છે. પારસી ભાઈઓના ગરીબ સંસારમાં પેઠેલો આ નવી જાતનો સુધારો હવે જલદી નાબુદ થવો જોઈએ. તે નાબુદ કરવાને એ તોલાંએ ઉ-

પાપ જલદી લેવા જોઇએ. ફેશનેબલ ચેટકથી આપી કોમ ભ-
પકામાંજ ભમાયલી છે. જેને લાયક છે તેને તે ખચીત આશિર-
વાદ લાયક છે પણ પચીશ કે પચાશના કમાઈ કરનારને એ ખ-
ચીત નુકશાન કારક છે, એમ કહેવું ખોટું કહેવાસે નહીં. ગરીબ
પણ મોટામાં ખપવા માંગે છે. ગરીબની છોકરીઓને પણ ફેનસી
બુટ, રેશમી અમબ્રેલા, વીલયતી શીલક, ઈંગલીશ કટના પોલકા,
ફેનસી સાડી અને હેનડબેગ જોઇએછે એટલુંજ નહીં પણ તેનેબી
વકીલ, બેરીસટર, ઇજનેર, કે ડાકટર જોઈએછે. તેને પણ ગાડી
ઘોડા, વાડી બંગલા, ચાકર નફર. ને મોજ શોખ જોઇએછે. ઉમં-
ગતો દુનિયાના દરેક માણશને હોયછે પણ હઠ પકડીને બેશતાં તે
મલવી બહું ભારી થઇ પડે છે. આ હઠીલાઈનું પરિણામ છેવટ એ આવે
છે કે તેથી કરીને આણરૂમાં ખપનાર ગરીબ છોકરીઓના ધણાને અંતે
વાવ કુવો કરવો પડેછે અથવા તો ડુંગરીનો કિલ્લો શર કરીને શ્યા-
વક્ષાની પેઠે શરમના ખાડામાં ઉતરવુંપડે છે. રીતની ભીખ લઇને
હરામ હાડકાના ઉધરતા જુવાનીયા પોતાના ખરા ધંધાપરથી, ખ-
રી કસરતથી અને ખરા પરસેવાની કમાઈ તરક કરીને મફતના
મલીદા ખાવા સાસરાની દોલત ઉપર નજર ફેરેછે તેઓ આખરે
હાડમાર થઇને આફતમાં આવી પડેછે. તેમાં વળી મલેલી ભી-
ખમાં કંઈક ઉમેરો કરીને મરી રહેતા હોય તો ધુલ નાંખી પણ ઓલકા
પોલકા ને ફેશનની શોસીયારીમાં હાડ માર થાયછે. નાટક તો જોવા
જોઇએ, ફેશનેબલ ડ્રેસ કરવો તો જોઇએ, અડવું માથાબાનું બાંધવું
તો જોઈએ. બાઈ સીકલપર કાં બેસવું નહીં જોઇએ? વકીલ
થઈને કોર્ટમાં કેશ કાં પકડવોજ જોઇએ? પોતાના જેવા એસકી વરને
વરીને લાડમાં કાં લડવું ન જોઇએ? હાવી પ્રકારના સવાદોથી ભેજાની

ખસેલી ટચાક છોકરીઓ પોતાનો હાથે કરીને નખોદ વાળેછે પછી તેનો સંસાર શુખથી ચાલેજ કેમ ? ધણીના ગજા ઉપરાંત ખરચ કરાવે ને કરે, અને તેમ ન થાય તો પછી ધણીની કમબખતી. દરરોજનો બલાપો ને મારામારી તો છેજ. પછી મણીઓબી શું કરે? આ પરિણામ હદ બાહેર છુટથી ચાલે છે. આ વધી પડેલો કર, ઉછળી પડેલી ફીશીયારી, હલકો ગણાએલો શુધારો અને છકી ગયેલું શિક્ષણ, માબાપનો લાડ સિવાય બીજનું કંઈ નથી. શુધારો શું બગાડા માટે છે? ભણતર શું ઘર સંસારનુ નખોદ વાળવા માટે છે? આ શું શુધારો છે? ના એ સુધારાપર કુધારાની ચડાઈ થએલી છે અને થોડે વખતે પણ તેનો લાલ વાવટો ઉડવાનોજ. વારતાનો નાયક મી૦ શ્યાવક્ષ શેઠનો વાવટો ઉડયો છે ને તેની રવેશે ચાલનારા ભાઈબંધો પણ ઉડાડશે એ શક વગરની વાત છે. કાંતો બાપના નામને ખરાબ લગાડીને તેની મીલકત ધુળધાણી કરસે, અથવા તો સસરાના આસરામાં રહીને, નીચું જોઇને હરામના મલીદા ખાશે. સુધારો કયો કે આપ કમાઈથી સ્વતંત્ર રહીને, આબરૂ ઇજ્જત મેળવીને અને દેશનું, કોમનુ તથા ગરીબનું ભલું કરીને નામ કહાડે તે. બાકી આજકાલનો શુધારો તો ભીખ માગવા જેવો થયો છે. શું સુધરેલા લોકોમાં ભીખ મંગાતી હશે! કોઇપણ કેળવાયલો શખસ તે વાત કબુલ કરસે! ના. પણ આજકાલ પારસી સુધારો તો સાવ ભીખજ માગવા નીકળ્યો છે ને ભીખના મજબુત લશકરની મદદથી ડુંગરીનો કિલ્લો સરન કરવાની તજવીજમાંજ ચાલુ રેહલો છે. અફશોશ! આ કલજુગના જમાનાનો અંત ક્યારે આવશે? આ દેશાનની ફેશનગારી અને રીતની ભીખના વેપારીઓ ક્યારે ખરા સુધારાપર આવશે!!! હાલ તુરત તો બિચારો શ્યાવક્ષ જેવો જેલમાં પડયો અને હવે ત્યારે

તેના સમાન કુમલાકાકએ જાણ્યું ત્યારે વધુ ખુશી થઈને એક કુસાદે મકાનમાં ભાષણ આપવા મંડયા, અને તેમાં પોતાની એંગ્રીની નાદા-નીની અને શ્યાવક્ષ તથા શીરીનના ખવાસની ખુબ તારીફ કરી તેઓને ખાસો પશ્ચાતાપ કરવીને પછી શ્યાવક્ષનું કરજ દેણ પોતે આપ્યું અને તેને જેલમાંથી છોડી લાવ્યા પણ તે અગાઉ તેણે નીચે મુજબ ખાસ સરત લખાવી લીધી.

૧. ફેશનની ફીસીઆરીથી દૂર રહેવું.

૨. રીતની ભીખની તરફેણ કરવીજ નહીં.

૩. પોતાની હાલત કરતાં બે પઇસાનો ઓછો ખરચ કરવો. અને

૪. પોતાનો ખરો ધંધો સંભાળવો.

આખરે લાચાર થએલા શ્યાવક્ષને તે વાજબી લાગ્યું અને તે સરત કબુલ કરીને સસરાને ત્યાં ઘર જમાઈ થઇને રહ્યો. કુમ-લાકાકા જેવા ગુરના હાથની તાલીમ તલે તે ખરા ગુણો ખરીદવા લાગો, ને આખરે તેનીજ મીલકતનો વારસ થઇને પોતાના આગલાં કાંગોને ધિક્કારવા લાગો તથા ફેશનની ફાસીયારી ને રીતની ભીખ માગનારથી દૂર રહીને પોતાનો સુખી સંસાર ચલાવવા લાગો. આમીન.

લાસન કંપનીની અકસીર દવા.

બનાવનારઃ—લાસન કંપની ઠે૦-મુંબઇ કાલબાદેવી, પોપટ વાડીની જોડમાં, થાઉવોંગની સામે.

૧. દાધેર કીલર-દાધર, ગજકરણ, દરાજ, તથા ફીર ઘણીએક દવાથી નરમ પડેછે, પણ થોડા વખતમાં ફરી ઉભરેછે. એ દરદોને જડ મુળથી સાફ કરવાની એક દવા હમે ૧૫ વરસની વાત ઉપર, અલીઆને નામે બાહાર પાડી હતી. તેનો બહોળો ખપ થવાથી હમારા અનેક આડત્યા તેની અનેક બનાવટ વેચી હમારાં ઘરાકને ઠગવા લાગયા, તેથી હમે બનતાં સુધી ઘરાકો સાથે પરભારૂં કામ પાડવા માંડયું, અને તેમ થવાથી સંખ્યાબંધ ઘરાકને જાતી તપાસ કરી દવા હેર ફેર કરી આપવાની તક મળવાથી, એક વધુ ખાત્રીની જડ મુળથી દાધર સાફ કરનારી નવી દવા બહાર પાડવાની જોગવાઇ મળી. એ દવાનું નામ ડાકટર D નો દાધર કીલર રાખયું છે અને તે લાસન કુંપનીમાંજ મળશે. કીમત સીસી એકના ૮ આના, ટપાલ ખરચ ૪ આના.

૨. સોરાદીન-આ દવા ખરપસાં ઉપર લગાડવી અને તેની સાથે જે દરદ બહુ જુનું હોય તો હમારાં લોહી સાફ કરવાનાં પડીકાં પીવાં. એ રીતે હમે ખરપરાંના બહુ અઘરા કેસ સારા કીધાછે. કીમત સોરાદીનની સીસી એકના ૧૨ આના તથા એક દઝન પડીકાંના ૪ આના. ટપાલ ખરચ ૪ આના.

૩. ચેપી રોગની દવા-આ દવા લાસન કુંપનીની ધી સ્પેસીફીકને નામે પ્રસીધ થઇછે, અને તેના ગુણથી વાકેફ થએલા કેટલાએક ડાકટરોએ ઉપલી દવા બીકટ કેસમાં વાપરીને બનાવનારનું નામ છુપાવી પોતે જશ મેળવયોછે. જો કોઇ દરદી બીજી ઘણી દવાનીષફળ નીવડવાથી નીરાશ થઇ

ગયો હોય, તો હમે સારૂં થવા બાદ પઈસા લેવાની ગોઠવણ કરશું, પણ હમારી ખાત્રી થવી જોઇયે કે તેવણ સારૂં થવા પછી હથેલીમા ચાન નહીં બતાવે. કીમત શીસી એકના ૪ રૂપીઆ. ટપાલ ખરચ ૧૨ આના.

૪. દાંતનુ મંજન–દાંતને સાફ રાખેછે, પારા મજબુત કરેછે, દાંત દુખતા હોય અથવા મોં વાસ મારતું હોય તો તે ઉપર ગુણ કારક છે. આ મંજન ખુશબોદાર છે અને ચાલુ વપરાસ માટે બહુ ઉપયોગીછે. કીં. ૬ આ.

૫. હીંદી તેલ–આ તેલ સંધીવાનું પેન તથા બીજી પ્રકારના વા અથવા પવનથી થતા દુખાવા અથવા ચસક ઉપર અલગે હાથે માલીસ કરવાથી આરામ થાય છે. કીંમત ૧૨ આના.

૬. શકતીની ગોળી–આ દવા શરીરમાં તાકાત લાવવાને માટે છે. એથી ભુખ લાગેછે અને ખાધું પાચન થાય છે. બીજી અનેક પ્રકારની શકતીની ગોળી બનાવવામાં આવેછે. કીંમત ૧૫ દીવસ પુગે એટલી ગોલીના રૂપીયા ૨.

૭. જુલાબની ગોળી–રાતના સતી વખતે બે ગોલી ગળવાથી સવારના દસ્ત (ઝાહડો) સાફ ઉતરેછે. કીંમત દજન ગોલીના ૪ આના.

૮. બાલ વધારવાની સુગંધી દવા–કીંમત સીસીનો રૂ. ૧.

એ ઉપરાંત હમારે ત્યાં બીજી ઘણી જાતની દવા બને છે; તે વીશે પુછાવવાથી ખોલાસો કરવામાં આવશે. કોઇ પણ દરદીને કંપનીના માલેક તથા તબીબની ખાસ સલાહ લેવી હોય, તો હકીકત લખી મોકલવી, અને તે સાથે દવાની કીમતના રૂ. ૨ મોકલી આપવા એટલે ઘટતી દવા મોકલી આપવામાં આવશે તથા તેની સાથે સલાહ પણ લખી મોકલવામાં આવશે.

નવરોજી ફરદુનજી દાવરની બુક ડીપો.

ઉપલી ડીપોમાંથી સર્વ જાતની સ્કુળની તેમજ જરથોસ્તી ધર્મને લગતી ચોપડીઓ હંમેશાં મળશે.